dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 141 | AD - 2025, Maha Vad - 11 | Monday, Dt.24-02-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### વિરાટ કોહલીની શાનદાર સદી, ૨૦૧૭ની ફાઇનલમાં મળેલી હારનો બદલો લીધો

## ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતે પાકિસ્તાનને ૬ વિકેટે હરાવ્યું




દુબઈ, તા.૨૩

ચેમ્પિયન્સ ટ્રોફીની મેચમાં ભારતે પાકિસ્તાનને ધૂળ ચટાડીને શાનદાર વિજય મેળવ્યો છે. ભારતીય ટીમે પાકિસ્તાનને ૬ વિકેટથી પરાજય આપીને ૨૦૧૭ની ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલમાં મળેલી કારમી હારનો બદલો લીધો છે. આ જીત સાથે ટીમ ઈન્ડિયાએ સેમીફાઈનલમાં લગભગ પોતાનું સ્થાન નિશ્ચિત કરી લીધું છે, જ્યારે પાકિસ્તાન સતત બીજી મેચ હારીને ટૂર્નામેન્ટમાંથી બહાર થવાના આરે પહોંચી ગયું છે. ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે રમાયેલ હાઈવોલ્ટેજ મેચમાં વિરાટ કોહલી ભારતીય જીતનો સૌથી મોટો હીરો સાબિત થયો હતો. વિરાટે શાનદાર અણનમ સદી ફટકારીને ટીમને વિજય અપાવ્યો હતો. દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાયેલી આ મેચમાં પાકિસ્તાને પ્રથમ બેટિંગ કરતા ૨૪૧ રન બનાવ્યા હતા. જવાબમાં, ભારતીય ટીમ ૨૪૨ રનના લક્ષ્યનો પીછો કરવા ઉતરી અને ૪૫ બોલ બાકી હતા ત્યારે ૬ વિકેટે લક્ષ્યાંકને પાર પાડી દીધો હતો. ભારતીય ટીમે આ જીત સાથે વર્ષ ૨૦૧૭ની ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલમાં પાકિસ્તાન સામે મળેલી હારનો બદલો લઈ લીધો છે. તે મેચમાં પાકિસ્તાને ભારતને હરાવીને ચેમ્પિયન્સ ટ્રોફી જીતી હતી, જેનો હિસાબ ભારતે આ મેચમાં ચૂકતે કર્યો હતો. વિરાટ કોહલીની સદી અને ભારતીય બોલરોની શિસ્તબદ્ધ બોલિંગના કારણે પાકિસ્તાનને મેચમાં ક્યાંય ટકી શકવાની તક મળી ન હતી. વિરાટ કોહલીની બેટિંગ અને બોલરોની ચુસ્ત લાઈન-લેન્થના કારણે પાકિસ્તાન મેચમાં ક્યાંય ટક્કર આપી શક્યું નહીં. ભારતે આ જીત સાથે ચેમ્પિયન્સ ટ્રોફીમાં પોતાના અભિયાનને વધુ મજબૂત બનાવ્યું છે, જ્યારે પાકિસ્તાન માટે આગળનો રસ્તો મુશ્કેલ બની ગયો છે. ટોસ જીતીને પ્રથમ બેટીંગ કરતાં પાકિસ્તાને પ્રથમ ૧૦ ઓવરમાં ૨ વિકેટ ગુમાવી દીધી હતી. પાકિસ્તાન ટીમ માટે એકમાત્ર અડધી સદી સઉદ શકીલે ફટકારી હતી. તેણે ૬૨ રન બનાવ્યા અને કેપ્ટન મોહમ્મદ રિઝવાન (૪૬) સાથે ૧૦૪ રનની ભાગીદારી કરી હતી. જયારે ટીમ ઈન્ડિયા તરફથી કુલદીપ યાદવે ૩ વિકેટ, હાર્દિક પંડ્યાએ ૨ વિકેટ, રવીન્દ્ર જાડેજા અને અક્ષર પટેલે ૧-૧ વિકેટ લીધી હતી. જયારે ૨ બેટ્સમેન રન આઉટ થયા હતા. વન-ડેમાં વિરાટ કોહલી ૧૫૮ કેચ સાથે સૌથી વધુ કેચ લેનાર ભારતીય બન્યો છે. તેણે ભૂતપૂર્વ કેપ્ટન મોહમ્મદ અઝહરુદીન (૧૫૬ કેચ)ને પાછળ છોડી દીધો છે. વિરાટ કોહલીએ મેચમાં ૧૫ રન બનાવતાની સાથે વન-ડે ક્રિકેટમાં ૧૪,૦૦૦ રન પૂરા કર્યા છે. તેણે નસીમ શાહના બોલ પર છગ્ગો મારીને આ સિદ્ધિ મેળવી હતી. ભારત તરફથી રોહિત શર્મા ૨૦ રન બનાવી આઉટ થયો હતો. ભારત તરફથી વિરાટ કોહલીએ અણનમ ૧૦૦, શ્રેયસ અય્યરે ૫૬ અને શુભમન ગિલે ૪૬ રન બનાવ્યા. કોહલીએ પોતાની વન-ડેની ૫૧મી સદી ફટકારી હતી. પાકિસ્તાન તરફથી સઈદ શકીલે ૬૨ અને મોહમ્મદ રિઝવાને ૪૬ રન બનાવ્યા. શાહીન શાહ આફ્રિદીએ ૨ વિકેટ લીધી હતી. અબરાર અહેમદ અને ખુશદિલ શાહે ૧-૧ વિકેટ લીધી હતી.




## તેલંગાણામાં ટનલ દુર્ઘટનામાં ૮ મજૂરો ફસાયા : બચાવ કામગીરી શરૂ

નાગરકુર્નુલ, તા.૨૩

તેલંગાણાના નાગરકુર્નૂલ જિલ્લામાં SLBC (શ્રીશૈલમ લેફ્ટ બેંક કેનાલ) ટનલ દુર્ઘટનામાં છેલ્લા ૨૪ કલાકથી ૮ મજૂરો ફસાયા છે. હાલમાં બચાવ કામગીરીમાં મુશ્કેલીઓ પડી રહી છે. ટનલની અંદર પાણી ભરાયેલું છે. SDRF અધિકારીના મતે, ટનલમાં પ્રવેશવાનો કોઈ રસ્તો નથી. ઘૂંટણ સુધી કાદવ છે. ટનલની અંદર ઓક્સિજન મોકલવામાં આવી રહ્યો છે. પાણી કાઢવા માટે ૧૦૦ હોર્સ પાવરનો પંપ મંગાવવામાં આવ્યો છે. બચાવ કામગીરી માટે ૧૪૫ NDRF અને ૧૨૦ SDRF જવાનોને તહેનાત કરવામાં આવ્યા છે. સિકંદરાબાદ ખાતે ઈન્ફેન્ટ્રી ડિવિઝનનો ભાગ, આર્મી એન્જિનિયર રેજિમેન્ટને સ્ટેન્ડબાય પર પણ રાખવામાં આવ્યા છે. આ દુર્ઘટના ૨૨ ફેબ્રુઆરીની સવારે થઈ હતી. ટનલના એન્ટ્રી પોઈન્ટથી ૧૪ કિમી અંદર ટનલની છતનો લગભગ ૩ મીટર ભાગ તૂટી પડ્યો હતો. આ સમય દરમિયાન લગભગ ૬૦ મજૂરો કામ કરી રહ્યા હતા. બાકીના મજૂરો ટનલમાંથી નીકળી ગયા હતા, પરંતુ ટનલ બોરિંગ મશીન (TBM) ચલાવતા કામદારો ફસાઈ ગયા હતા. તેમાં બે એન્જિનિયર, બે મશીન ઓપરેટર અને ચાર મજૂર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેલંગાણાના મુખ્યમંત્રી એ. રેવંત રેડ્ડી સાથે ફોન પર વાત કરી અને દુર્ઘટના વિશે માહિતી મેળવી અને કેન્દ્ર તરફથી શક્ય તમામ મદદની ખાતરી આપી હતી.



## એર ઈન્ડિયાએ કેન્દ્રીય મંત્રીને જ ફાટેલી સીટ ફાળવતા તપાસના આદેશ

ભોપાલ,તા.૨૩

કેન્દ્રિય મંત્રી શિવરાજ શિંહ ચૌહાણે ભોપાલથી દિલ્હી જતી ફ્લાઈટમાં તેમને ક્ષતિગ્રસ્ત સીટ ફાળવવામાં આવતા ટાટાની માલિકીની એર ઈન્ડિયાની આકરી ટીકા કરી હતી. તેમણે પોતાના અનુભવને અનૈતિક ગણાવતા ધ્યાન દોર્યું કે એરલાઈન પૂરા ચાર્જીસ વસૂલતી હોવા છતાં અગવડદાયક બેઠક પૂરી પાડે છે. ચૌહાણે સોશિયલ મીડિયા પર પોતાનો અનુભવ શેર કરતા લખ્યું કે તેમની સીટ ટસી તૂટેલી અને ખૂંપી ગયેલી હોવાથી તેમના માટે બેસવું પણ મુશ્કેલ હતું. જ્યારે તેમણે આ મુદ્દો ક્રુ સમક્ષ ઉપસ્થિત કર્યો ત્યારે ક્રુએ કબૂલ કર્યું કે મેનેજમેન્ટને પહેલેથી આ સમસ્યા વિશે જાણકારી હતી. સહપ્રવાસીઓએ ચૌહાણને પોતાની સીટ ઓફર કરવા છતાં તેમણે ક્ષતિગ્રસ્ત સીટ પર જ પોતાની સફર પૂરી કરવાનું નક્કી કર્યું. તેમણે હતાશા વ્યક્ત કરતા કહ્યું કે ટાટાની માલિકી છતાં એર ઈન્ડિયાની સેવામાં સુધારો નથી થયો અને એરલાઈન આ બાબતે સુધારો કરશે કે પછી પ્રવાસ કરવાની તાત્કાલિક જરૂર હોય તેવા પ્રવાસીઓનું શોષણ કરવાનું ચાલુ રાખશે તેવો સવાલ ઉપસ્થિત કર્યો હતો. ચૌહાણની સોશિયલ મીડિયા પોસ્ટ પછી સિવિલ એવિયેશન મંત્રી કે.રામમોહન નાયડુએ તાત્કાલિક એર ઈન્ડિયાને જરૂરી પગલા લેવાની તાકીદ કરી જ્યારે ડીજીસીએએ આ બાબતે એરલાઈન પાસેથી અહેવાલ માગ્યો હતો. એર ઈન્ડિયાએ ત્યાર પછી અગવડ માટે માફી માગી અને ભવિષ્યમાં આવા બનાવો ન બને તેના માટે આંતરિક તપાસનો આદેશ આપ્યો હતો.



## મહાકુંભની પૂર્ણાહૂતિને ગણતરીના દિવસો બાકી, ભક્તોનો ભારે ધસારો

પ્રયાગરાજ,તા.૨૩

તા.૨૩ના રોજ મહાકુંભનો ૪૩મો દિવસ હતો. મેળાને આડે હવે ૩ દિવસ બાકી છે. છેલ્લા વીકેન્ડ પર ભક્તોની ભીડ વધી છે. મધરાતથી જ સંગમ તરફ જતા રસ્તાઓ ભક્તોથી ભરેલા છે. શનિવારે ૧.૩૦ કરોડ ભક્તોએ સંગમમાં સ્નાન કર્યું હતું. ૧૩ જાન્યુઆરીથી અત્યાર સુધીમાં ૬૦ કરોડથી વધુ ભક્તોએ સ્નાન કર્યું છે. સરકારે કહ્યું- અત્યારે દુનિયામાં ૧૨૦ કરોડ સનાતની છે. આમાંથી ૫૦% લોકોએ સંગમમાં સ્નાન કર્યું છે. ૨૬ ફેબ્રુઆરીએ મહાશિવરાત્રી પર આ સંખ્યા ૬૫ કરોડને પાર કરશે. મેળા વિસ્તારના બહારના ભાગોમાં ભારે ટ્રાફિક જામ છે. પ્રયાગરાજના તમામ ૭ એન્ટ્રી પોઈન્ટ પર બહારથી આવતા વાહનોને રોકવામાં આવી રહ્યા છે. DGP પ્રશાંત કુમારે કહ્યું- તમામ ૭ એન્ટ્રી પોઈન્ટ પર ટ્રાફિકને સંભાળવા માટે એક-એક અધિકારી તહેનાત કરવામાં આવ્યા છે.



## કર્ણાટક-મહારાષ્ટ્ર વચ્ચે ભાષા વિવાદ, બસ સેવા બંધ કરી દેવાઈ



બેલગાવી,તા.૨૩

કર્ણાટક સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (KSRTC)ના એક બસ કંડક્ટરને કથિત રૂપે મરાઠી ન બોલવાના કારણે અમુક લોકોએ માર માર્યો હતો. આ ઘટના કર્ણાટકના બેલગાવી શહેરમાંથી સામે આવી છે. આ વિસ્તાર મહારાષ્ટ્ર બોર્ડર પાસે આવેલો છે. આ સમગ્ર ઘટનાએ કર્ણાટક અને મહારાષ્ટ્ર વચ્ચે આંતરરાજ્ય વિવાદનું રૂપ લઈ લીધું છે. બંને રાજ્યો વચ્ચે બસ સેવા સ્થગિત કરી દેવામાં આવી છે. મહારાષ્ટ્ર-કર્ણાટક વચ્ચે હંમેશા વિવાદનું કેન્દ્ર બને છે. મળતી માહિતી મુજબ, શુક્રવારે (૨૧ ફેબ્રુઆરી) કર્ણાટકમાં બેલગાવીમાં બસ કંડક્ટર મહાદેવ હુક્કેરીને ફ્રી ટિકિટના એક વિવાદના કારણે માર મારવામાં આવ્યો હતો. કર્ણાટકમાં મહિલાઓને બસમાં મફત મુસાફરીની સુવિધા આપવામાં આવે છે. પરંતુ, એક પુરૂષ મુસાફર મફતમાં ટિકિટ માંગી રહ્યો હતો. ૫૧ વર્ષના પીડિત કંડક્ટરે જણાવ્યું કે, મફત ટિકિટનો ઈનકાર કરતા મુસાફરે કહ્યું કે, મરાઠીમાં બોલો. આ દરમિયાન કંડક્ટરે કહ્યું કે, મને ફક્ત કન્નડ જ આવડે છે. ત્યારબાદ વિવાદ વધી ગયો અને બસમાં બેઠેલાં ૬ થી ૭ લોકોએ તેના પર હુમલો કરી દીધો અને બસ રોકાતા ૫૦ અન્ય લોકો હુમલો કરવા આવી ગયાં હતા.

**મરાઠી ન બોલવા બદલ કંડક્ટરને માર મારવામાં આવ્યો હતો**









સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી

સોમવાર, તા.૨૪-૦૨-૨૦૨૫

# સાવરકુંડલા ગ્રામ્ય વિસ્તારમાં ૨.૭૪ કરોડ રૂપિયાનાં વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત

સાવરકુંડલા, તા.૨૩



સાવરકુંડલા તાલુકાને ગુજરાતના નકશામાં વિશેષ સ્થાન અપાવવાના ધ્યેય સાથે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની આગેવાનીમાં રૂ. ૨.૭૪ કરોડના વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું હતું. પીઠવડી-ધાર-કેરાળા રસ્તા પર રૂ. ૮૦ લાખના ખર્ચે પ્રોટેક્શન વોલ અને વેન્ટિલેટેડ કોઝવેનું નિર્માણ કરાશે. આ ઉપરાંત પીઠવડી ગામે રૂ. ૧૦ લાખના ખર્ચે કોમ્યુનિટી હોલ તેમજ મોટા જીંજુડા-ફાચરીયા-ધાર ગામે રૂ. ૫૧ લાખના ખર્ચે નવી ગ્રામ પંચાયતનું નિર્માણ કરવામાં આવશે. ફાચરીયા ગામમાં પીવાના પાણીની સુવિધા માટે પાણીના સમ્પ, ચેકડેમ અને વાસ્મો યોજના સહિતના રૂ. ૧.૫૦ કરોડના કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેશુભાઈ વાઘેલા, જીતુભાઈ કાછડીયા, હિતેશભાઈ ખાત્રાણી સહિત અનેક આગેવાનો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

**મહાશિવરાત્રી પર્વને લઈ સનાતન ગૃપ અને હિન્દુ સમાજ દ્વારા તડામાર તૈયારી**

# બગસરામાં મહાશિવરાત્રી નિમિત્તે શિવોત્સવનું ભવ્ય આયોજન કરાયું

**મહાકાલની ભસ્મ આરતી તથા પાલખીયાત્રા યોજાશે**

બગસરા, તા.૨૩

બગસરામાં તા.૨૬ને બુધવારનાં રોજ મહાશિવરાત્રી પર્વને લઈ હિન્દુ સમાજ અને સનાતન ગૃપ દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. સનાતન ગૃપ દ્વારા શહેરની બજારોમાં ધજારોહણ કરવામાં આવ્યું છે. તા.૨૬નાં રોજ બપોરે ૧:૩૦ કલાકે સનાતન ગૃપ કાર્યાલય-કુંકાવાવ રોડ ખાતેથી પાલખીયાત્રાનું પ્રસ્થાન થશે. સિધ્ધનાથ મહાદેવ મંદિર તિરૂપતિનગર ખાતેથી કાળભૈરવની પાલખી નીકળશે. જયારે બગેશ્વર મહાદેવ મંદિર ખાતેથી મહાદેવની પાલખીયાત્રા નીકળશે. આ તમામ યાત્રાની વાંઝા જ્ઞાતિ પાર્ટી પ્લોટ ખાતે પૂર્ણાહૂતિ થશે. સાંજે ૭:૩૦ કલાકે ભસ્મ આરતી યોજાશે. આ પાવન પર્વ નિમિત્તે તમામ વેપારીઓ પોતાના વેપાર ધંધા બંધ રાખી મહાશિવરાત્રી પર્વમાં જોડાય તેવી સનાતન ગૃપ દ્વારા અપીલ કરવામાં આવી છે.

# જાળીયા ગામની સીમમાં યુવકને જાનથી મારી નાખવાની ધમકી આપી

**એસસી એસટી સેલના ડીવાયએસપીએ તપાસ શરૂ કરી**

અમરેલી, તા.૨૩

અમરેલીના જાળીયા ગામની સીમમાં યુવકને ઢોર માર મારવામાં આવ્યો હતો. બનાવ અંગે અમિતભાઈ જાદવભાઈ ગોહિલ (ઉ.વ.૩૮)એ વનરાજભાઈ દરબાર તથા બે ભાગીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમને આરોપીએ કહ્યું કે 'તારાથી મને ગાળ કેમ દેવાય' તેમ કહી પાઈપ વતી માર મારી માથાના ભાગે ઈજા કરી તથા બે અજાણ્યા ઈસમે શરીરે મુંઢમાર મારી જો કોઈને માર માર્યાની વાત કરીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી એસસી એસટી સેલના નાયબ પોલીસ અધિક્ષક પી.આર. રાઠોડ બનાવ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

# બ્રહ્માકુમારીઝ દ્વારા બનાવેલ અમરનાથ ગુફા તથા સ્વર્ણિમ ભારત દિવ્ય દર્શન મેળાનું ઉદ્‌ઘાટન કરતાં કલેકટર

અમરેલી, તા.૨૩



બ્રહ્માકુમારીઝ અમરેલી દ્વારા બનાવેલ અમરનાથ ગુફા તથા સ્વર્ણિમ ભારત દિવ્ય દર્શન મેળાને કલેકટર અજય દહિયાએ દીપ પ્રાગટ્ય કરી મેળાને ખુલ્લો મુકતા કહ્યું કે, બ્રહ્માકુમારીઝના કાર્યક્રમો ખૂબ જ સારા હોય છે. બધાને અમરેલીમાં બેઠા બેઠા અમરનાથની યાત્રા કરાવે છે. આ મેળાની લોકો મુલાકાત લેશે તો સારામાં સારા ગુણો મેળવશે. આ તકે બગસરા સેવા કેન્દ્રનાં બ્ર.કુ. રસિલાદીદીએ આશીર્વચન આપેલ હતા. આ પ્રસંગે નાયબ કલેકટર નાકીયા, પ્રમુખ નગરપાલિકા બીપીનભાઈ લીંબાણી, કાળુભાઈ ભંડેરી, વિશ્વ હિન્દુ પરિષદનાં ગજેરા, રાધે મંડપવાળા સંજયભાઈ પોકળ, પહાડ તથા ભારતનો નકશો બનાવનાર શશાંકભાઈ મહાજન તથા મહાનુભાવોનાં હસ્તે દીપ પ્રાગટય દ્વારા મેળાને ખુલ્લો મુકવામાં આવેલ હતો.

# અમરેલીમાંથી ચાર જુગારી રેઈડ દરમિયાન પોલીસના હાથે ઝડપાયા

**પોલીસે જુગારના સ્થળેથી રૂા.૧૦,૨૦૦ની રોકડ જપ્ત કરી**

અમરેલી, તા.૨૩

અમરેલીમાં કુંકાવાવ જકાતનાકા પાસેથી ચાર જુગારી રેઈડ દરમિયાન રોકડા રૂ.૧૦,૨૦૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. જયંતિભાઈ જગાભાઈ પરમાર, પંકજભાઈ લલ્લુભાઈ પરમાર, મુકેશભાઈ મુનાભાઈ વાઘેલા તથા બદરૂભાઈ વલ્લભભાઈ વાઘેલા ચારેય હારજીતનો તીનપત્તીનો જુગાર રમતાં રોકડા રૂ. ૧૦,૨૦૦ના મુદ્દામાલ સાથે રેઈડ દરમિયાન પકડાયા હતા. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પ્રોબેશનરી પીએસઆઈ આર.ડી. કુવાડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજકોટમાં લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરના લાભાર્થે નીતિન મુકેશના ગીતોનો કાર્યક્રમ યોજાયો

સાવરકુંડલા, તા.૨૩



સાવરકુંડલાના શ્રી વિદ્યાગુરુ ફાઉન્ડેશન સંચાલિત, નિ:શુલ્ક મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલ શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર દ્વારા 'દાયકાની સાર્થક સેવાનો સંતોષ, સો વર્ષની સેવાનો સંકલ્પ!' અંતર્ગત એક ભવ્ય સાંસ્કૃતિક સંગીત સંધ્યા 'શતાયુ મુકેશ' કાર્યક્રમનું હેમુ ગઢવી હોલ, રાજકોટ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટના સંગીતપ્રેમીઓના અહોભાવ સાથે આ એક યાદગાર સાંજ બની રહી હતી. આ પ્રસંગે, પ્રસિદ્ધ ગાયક નીતિન મુકેશે રાજકોટના સંગીતપ્રેમીઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ કાર્યક્રમમાં રાજકોટના ૭૦૦ થી ૮૦૦ લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી તાલુકાનાં ગાવડકા ગામે યુવકે સાડીથી ગળાફાંસો ખાતા મોત નિપજ્યું

**યુવકે કરેલા આપઘાત અંગે ઘુંટાતુ રહસ્ય, પોલીસે તપાસ શરૂ કરી**

અમરેલી, તા.૨૩

અમરેલીના ગાવડકા ગામે એક યુવકે સાડીથી ગળાફાંસો ખાધો હતો. બનાવ અંગે મૂળ વીરડી ગામના અને હાલ લીલીયામાં રહેતા સંજયભાઈ ભુપતભાઈ મોલાડીયા (ઉ.વ.૨૬)એ જાહેર કર્યા મુજબ, ગાવડકા ગામે રહેતા અજયભાઈ ભુપતભાઈ મોલાડીયા (ઉ.વ.૧૯)એ પોતાના ઘરે રૂમમાં પાઈપ સાથે સાડીથી અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ લેતાં મોત થયું હતું.

અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ જી.બી. લાપા વધુ તપાસ કરી રહ્યા છે.

# મોટરસાઈકલની નવી સિરીઝ માટે અમરેલી એ.આર.ટી.ઓ દ્વારા ઈ-ઓકશન પ્રક્રિયા

અમરેલી, તા.૨૩

અમરેલી એ.આર.ટી.ઓ. દ્વારા મોટરકસાઈકલની નવી સિરીઝ GJ ૧૪ BJ ૦૦૦૧ થી ૯૯૯૯ ઈ-ઓકશન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ઈ-ઓકશન માટે ઓનલાઈન અરજી તા.૨૪ માર્ચ-૨૦૨૫ના રોજ સાંજે ૦૪ વાગ્યા થી તા.૩૧ માર્ચ, ૨૦૨૫ના સાંજે ૪ વાગ્યા સુધીમાં થઈ શકશે. બિડિંગ સમયગાળો તા.૩૧ માર્ચ સાંજે ૦૪ કલાકથી થી તા.૦૨ એપ્રિલ સાંજે ૦૪ કલાક સુધી રહેશે. ઈ-ઓકશનનું પરિણામ તા.૦૨.૦૪.૨૦૨૫ એ જાહેર થશે. ઓનલાઈન ઈ-ઓકશનમાં ભાગ લેવા માટે અરજદારે http://parivahan.gov.in/parivahan/ પર નોંધણી, યુઝર આઈ.ડી.પાસવર્ડ તૈયાર કરવા અને હરાજી, ચૂકવણુ કરવું, વાહન નંબર મેળવવા સહિતની પ્રક્રિયામાં ભાગ લેવાનો રહેશે. વાહન ખરીદીના સાત દિવસની અંદર ઓનલાઈન સી.એન.એ. ફોર્મ ભરવાનું રહેશે. અરજદારે અરજી પ્રક્રિયા પૂર્ણ થયાના પાંચ દિવસમાં નાણા જમા કરાવવા. અરજદાર જો નિયત સમય મર્યાદામાં નાણાં ચૂકવવામાં નિષ્ફળ જાય તો મૂળ ભરેલી રકમને જપ્ત કરી ફરીવાર હરાજી કરવાની રહેશે.

# બગસરામાં ૧૬ એસ.ટી. રૂટ બંધ થતાં મુસાફરોને હાલાકી

બગસરા, તા.૨૩

બગસરા એસ.ટી. ડેપો દ્વારા એકી સાથે ૧૬ જેટલા રૂટ બંધ કરી દેવાતા મુસાફરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. સામાજિક સંસ્થાઓની વારંવારની રજૂઆતો છતાં ડેપો મેનેજર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. બગસરાથી તરઘરી-મેઘાપીપરીયા, મેંદરડા-રાવણી, વડીયા નાઈટ, બગદાણા-ભગુડા-સુડાવડ, અમરેલી-બાટવા-રફાળા, જેતપુર-રાજકોટ, ભાવનગર, દેરડી-રાજકોટ, વડીયા-રાજકોટ, ભેસાણ-જૂનાગઢ, રાજુલા-મહુવા-રફાળા અને બગસરા-વડીયા સહિતના મહત્વના રૂટ બંધ કરી દેવાયા છે. સાંજે ૫:૧૫ કલાકે ઉપડતી બગસરા-દાહોદ એક્સપ્રેસ બસ બિનઅધિકૃત રીતે ટીંબલા અને પાણીયા જેવા ગામોમાં ફેરવવામાં આવતી હોવાથી અમરેલી પહોંચતા બે કલાક જેવો સમય લાગે છે. આના કારણે બુકિંગ કરાવેલા મુસાફરોને કલાકો સુધી રાહ જોવી પડે છે અને એસ.ટી.ની આવકમાં પણ ઘટાડો થઈ રહ્યો છે. લોકોએ માંગણી કરી છે કે ઉચ્ચ અધિકારીઓ દ્વારા ડેપો મેનેજર સામે કડક કાર્યવાહી કરવામાં આવે અને બંધ કરવામાં આવેલા તમામ રૂટ ફરીથી શરૂ કરવામાં આવે.

# ચલાલા નગરપાલિકામાં ભાજપની જીતમાં કાર્યકરોની મહત્વની ભૂમિકા

અમરેલી, તા.૨૩



તાજેતરમાં જ ચલાલા નગરપાલિકાની યોજાયેલી ચૂંટણીમાં ભાજપે તમામ ૨૪ બેઠકો કબ્જે કરી વિપક્ષોનું નામોનિશાન મીટાવી દીધું હતું. ભાજપની આ જીતમાં કાર્યકરોએ મહત્વની ભૂમિકા ભજવી હતી. જેમા ખાસ કરીને ધારાસભ્ય જે.વી.કાકડીયાનાં માર્ગદર્શન નીચે તમામ કાર્યકરોએ ભાજપનાં ઉમેદવારોની જીત માટે એડી ચોટીનું જોર લગાવ્યું હતું. ધારાસભ્યની સાથે સાંસદ ભરતભાઈ સુતરીયા, વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, દાનબાપુની જગ્યાનાં લઘુમહંત મહાવીરબાપુ, પૂ.રતીદાદા, મહિપતબાપુ, મનિષભાઈ સંઘાણી, મેહુલભાઈ ધોરાજીયા, પ્રદીપભાઈ ભાખર, ઘનશ્યામભાઈ સાદરાણી, મૃગેશભાઈ કોટડીયા, અતુલભાઈ કાનાણી, ચેતનભાઈ શિયાળ, જીતુભાઈ પાઘડાળ સહિતનાં આગેવાનોએ ચલાલા પાલિકામાં ભાજપની જીત માટે કરેલી મહેનત રંગ લાવી હતી.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com





મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શાન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શાયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવતાયુકત કામ
પ્રોફેશનલ અને સ્કીલ્ડ ટીમ

મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# બગસરાના મોટા મુંજીયાસર ગામે ખુલ્લી ગટરના કારણે લોકોમાં રોગચાળો ફેલાવાનું જોખમ

બગસરા, તા.૨૩

બગસરાના મોટા મુંજીયાસર ગામમાં રહીશોના ઘર પાસેથી નીકળતી ગટર એટલી હદે દુર્ગંધ મારે છે કે જાણે અહીંના લોકો નર્કમાં રહેતા હોય તેવી અનુભૂતિ કરી રહ્યા છે. આ ખુલ્લી ગટરના કારણે ગામમાં ગંદકીના ગંજ પણ જામી ગયા છે. લોકોને પોતાના ઘરની બહાર નીકળવું પણ મુશ્કેલ બની ગયું છે. આટલા મોટા પ્રમાણમાં ગંદકીના કારણે મચ્છરનો પણ ઉપદ્રવ વધી ગયો છે, જેથી લોકો ઉપર ભયંકર બીમારીનો ખતરો તોળાઈ રહેલ છે. પરંતુ ગ્રામ પંચાયતના સભ્યો સત્તાના નશામાં



મદમસ્ત થઈને બેઠા છે, જાણે ગામ લોકોની કોઈ પરવા જ ના હોય તેમ પોતાના ઘરનો વિકાસ કરી રહ્યા છે. લોકો દ્વારા આ અંગે અનેકવાર સરપંચને રજૂઆત કરી હોવા છતાં તેમને કંઈ પડી નથી. આ બાબતે સરપંચ જયસુખભાઈને પૂછતાં તેમણે જણાવ્યું હતું કે, અમારે ગ્રાન્ટ નથી આવતી, જયારે ગ્રાન્ટ આવશે ત્યારે કામ કરાવી આપીશું. ગામ લોકોનો આક્ષેપ છે કે, ગ્રામ્ય વિસ્તારના વિકાસ માટે સરકાર લાખો રૂપિયાની ગ્રાન્ટ આપે છે, છતાં આ લોકો કામ ન કરવા માટે બહાના કાઢતા હોય તેવું લાગી રહેલ છે. લોકો કહે છે કે, ગ્રાન્ટ તો આવે છે પણ સરપંચ અને ગ્રામ પંચાયતના સભ્યોને એકબીજા સાથે બનતું ન હોવાથી કામ કરતા નથી. આ કામગીરીની તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત દ્વારા તપાસ થાય તેવી લોકોમાં માંગ ઉઠી છે.

# સાવરકુંડલા નગરપાલિકામાં સફાઈ કામદારો માટે વિનામૂલ્યે તબીબી તપાસ કેમ્પ

**૮૦ સફાઈ કર્મચારીઓનું સંપૂર્ણ શારીરિક ચેકઅપ કરાયું**

સાવરકુંડલા, તા.૨૩

સાવરકુંડલા નગરપાલિકા દ્વારા સફાઈ મિત્રોના સ્વાસ્થ્ય માટે વિશેષ આરોગ્ય તપાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. "પાલિકાના સફાઈ કર્મચારી મિત્રોના આરોગ્યની



જવાબદારી આપણી" એ સૂત્ર સાથે યોજાયેલા આ કેમ્પમાં ૮૦ જેટલા સફાઈ કર્મચારીઓનું સંપૂર્ણ શારીરિક ચેકઅપ કરવામાં આવ્યું હતું. બ્લોક હેલ્થ કચેરીના ડૉ. મીનાના માર્ગદર્શન હેઠળ ડૉ. ઋતિક પટેલ, ડૉ. સમીર સંવટ, ડૉ. વિવેક લાડવા, ડૉ. ભૂમિ પટેલ, ડૉ. જીજ્ઞા પટેલ અને ડૉ. મનીષા પટેલ સહિતની આરોગ્ય ટીમે સફાઈ કર્મચારીઓની તપાસ કરી હતી અને તેમને આરોગ્યલક્ષી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ તકે નગરપાલિકાના પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, ઉપ-પ્રમુખ પ્રતિકભાઈ નાકરાણી અને ચીફ ઓફિસર બોરડે ખાસ ઉપસ્થિત રહી સફાઈ કર્મચારીઓને આરોગ્ય તપાસ માટે પ્રોત્સાહિત કર્યા હતા.

# તા. ૨૫ ફેબ્રુઆરીએ આઈ.ટી.આઈ. રાજુલા ખાતે એપ્રેન્ટીસ ભરતી મેળાનું આયોજન

અમરેલી, તા.૨૩

રાજુલા આઈ.ટી.આઈ દ્વારા એપ્રેન્ટીસ ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. રાજુલા આઈ.ટી.આઈ. મુકામે તા.૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૫ મંગળવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકથી યોજનાર આ ભરતી મેળામાં ગુજરાત સિમેન્ટ વર્ક્સ (અલ્ટ્રાટેક સિમેન્ટ) કોવાયા દ્વારા આઈ.ટી.આઈ (કોપા, ફીટર, ઈલેક્ટ્રીશિયન) ડિપ્લોમા એન્જિનિયરિંગ (સિવિલ, મિકેનિકલ, ઈલેક્ટ્રિકલ, કોમ્પ્યુટર) બી.એસ.સી (કેમેસ્ટ્રી) એમ.બી.એ (એચ.આર.) ની શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો ભાગ લઈ શકશે. ભરતી મેળામાં ભાગ લેવા ઈચ્છુક ઉમેદવારોએ www.apprenticeshipinidia.gov.in પોર્ટલ પર કેન્ડિડેટ (ઉમેદવાર) તરીકે રજિસ્ટ્રેશન કરાવવું તેમ રાજુલા આઈ.ટી.આઈ.ના આચાર્યએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# સાવરકુંડલાના થોરડીની અંધ વિદ્યાલયની સ્પેશ્યલ ખેલ મહાકુંભમાં ઝળહળતી સિદ્ધિ

**સ્પેશ્યલ રમત મહાકુંભ સ્પર્ધામાં ૧૫ સ્થાન મેળવીને ગૌરવ વધાર્યું**

સાવરકુંડલા, તા.૨૩

અમરેલીના સ્પોર્ટ્સ સંકુલ ખાતે ૨૧-૨-૨૫ના રોજ દિવ્યાંગ અંધજનો માટે સ્પેશ્યલ ખેલ મહાકુંભ ૩.૦ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સાવરકુંડલાના થોરડી



ગામ ખાતેની શ્રી લોક સેવક સંઘ સંચાલિત અંધ વિદ્યાલયના દિવ્યાંગ વિદ્યાર્થીઓએ એથ્લેટિક સ્પર્ધામાં ભાગ લઈને જુદી જુદી સ્પર્ધાઓમાં પ્રથમ નંબર - ૫, દ્વિતીય નંબર - ૬ અને તૃતીય નંબર -૪ એમ કુલ મળીને ૧૫ સ્થાન મેળવીને સંસ્થાનું ગૌરવ વધારેલ છે. આ સ્પેશ્યલ મહાકુંભને સફળ બનાવવા સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી કાંતિદાદા, આચાર્ય હિતેશભાઈ દેસાઈ, શિક્ષક આરતીબેન જોશી તથા સંજયભાઈ પંડ્યાનું માર્ગદર્શન મળ્યું હતું. પ્રથમ નંબરના દિવ્યાંગ વિજેતાઓ રાજ્યકક્ષાએ સ્પર્ધામાં ભાગ લેવા જશે.

# ધાવડીયા પ્રાથમિક શાળામાં વાર્ષિકોત્સવનું ભવ્ય આયોજન

અમરેલી, તા.૨૩



ધાવડીયા પ્રાથમિક શાળામાં વાર્ષિકોત્સવનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ખાંભા ગુરુકુળના સંતો, તાલુકા પંચાયતના પૂર્વ ચેરમેન અને વર્તમાન સદસ્ય બાવભાઈ ભમ્મર તેમજ તાલુકા વિકાસ અધિકારી ખાંભળા વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ગામના સરપંચ ભમ્મર ભગત અને તલાટી-કમ-મંત્રી કેશુભાઈ મોભ ઉપરાંત વિવિધ શાળાના આચાર્યો, શિક્ષકો અને ગામના આગેવાનોએ હાજરી આપી હતી. શાળાના આચાર્ય હર્ષદભાઈ વનરાના નેતૃત્વ અને મહેનતના પરિણામે આ સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

# સંવેદન ગૃપ દ્વારા ૧૦૬મું ચક્ષુદાન લેવાયું

અમરેલી, તા.૨૩



અમરેલીમાં નિવૃત એસ.ટી. કર્મચારી જેન્તીભાઈ પરશોતમભાઈ ચુડાસમા (ઉં.વ.૮૪)નું તા.૧૯-૦૨-૨૦૨૫ના રોજ સિવિલ હોસ્પિટલ ખાતે અવસાન થયું હતું. તેમનાં પુત્રો જીતેન્દ્રભાઈ, હિતેષભાઈ તથા મનોજભાઈ ચુડાસમા (રાજકોટ) દ્વારા સદ્દગતનું ચક્ષુદાન કરવામાં આવ્યું હતું. શાંતાબા મેડિકલ કોલેજમાં સ્ટાફ નર્સ પૌત્રી ઉર્મિ ચુડાસમાએ મેડિકલ ઓફિસર ડૉ. હરેશ યાદવના માધ્યમથી અમરેલીના સંવેદન ગૃપનો સંપર્ક કરી ચક્ષુદાન લેવા જણાવેલ. આ નેત્રદાન સ્વીકારવા માટે ગૃપનાં પ્રમુખ વિપુલ ભટ્ટી, ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી સાવરકુંડલા બ્રાંચના સેક્રેટરી મેહુલ વ્યાસ તથા સુરેશભાઈ ઠાકરે સેવા આપી હતી. ચુડાસમા પરિવારની સમયસરની જાગૃતિ બે અંધજનોના જીવનમાં રોશની લાવશે તેમ સંસ્થાના મંત્રી મેહુલ વાઝાએ જણાવ્યું છે. અત્યાર સુધીમાં આ ગૃપ દ્વારા ૧૦૬મું ચક્ષુદાન લેવાયું છે અને મેહુલ વ્યાસ દ્વારા ૬૦૬ ચક્ષુદાન લેવાની સેવા આપવામાં આવી છે.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

ગં.સ્વ.દુધીબેન રામભાઈ ધડુક(ઉ.વ.૯૫)નું તા.૨૨/૦૨/૨૫ને શનિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે ભરતભાઈ રામભાઈ ધડુક(સરપંચ), ભીખુભાઈ રામભાઈ ધડુક અને મુકેશભાઈ રામભાઈ ધડુકના માતા છે. તેમનું બેસણુ તા. ૨૪/૨/૨૫ને સોમવારના રોજ સવારે ૮: ૦૦ થી ૫: ૦૦ કલાકે ગામ ધજડી તાલુકો સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**રાજકોટ**

સ્વ.નવીનચંદ્ર રવજીભાઈ મોદીનું તા.૨૦/૦૨/૨૦૨૫ને ગુરુવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે સ્વ.માલતીબેન મોદીના પતિ, ભાવેશભાઈ, રાકેશભાઈ, પૂર્વીબેન, ભાવનાબેન તથા રિદ્ધિબેનના પિતા છે.

# સાસુએ ઘરકામ બાબતે ઠપકો આપતા વહુએ ઉંદર મારવાની દવા પીધી

રાજુલા, તા.૨૩

રાજુલામાં સાસુએ ઘરકામ બાબતે ઠપકો આપતાં વહુને લાગી આવ્યું હતું અને ઉંદર મારવાની દવા પીધી હતી. જેને લઈ સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, ભોગ બનનારને તેના સાસુએ ઘરકામ બાબતે ઠપકો આપ્યો હતો. જેથી તેને લાગી આવતાં ઉંદર મારવાની દવા પાણીના ગ્લાસમાં નાંખી પી લીધી હતી. સાવરકુંડલા ઈન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈ વધુ તપાસ કરી રહ્યા છે.


શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂ.૯૯૯
ડીલક્સ રૂમ રૂ.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ,અમરેલી

વી. કે. મોટર્સ
VK MOTORS
Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail:kanpariyavipul4025@gmail.com

શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસપાત્ર સ્થળ...
એજ જ ભાવ વ્યાજબી ભાવ
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરી રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪


## નામ બદલાવેલ છે

હું આથી જાહેર કરનાર, વિછી રજીયા ઈકબાલભાઈ. મારૂ જૂનુ નામ વિછી રજીયા ઈકબાલ થી બદલીને નામ વિછી રજીયા ઈકબાલભાઈ કરવામાં આવ્યુ છે. તેથી હું વિછી રજીયા ઈકબાલભાઈ તરીકે ઓળખાવ છું.
સહી: વિછી રજીયા ઈકબાલભાઈ
સરનામું: બ્લોક નં - ૬ દારૂ સલામ કોલોની, હઠીલા હનુમાન મંદિર પાછળ, અમરેલી - ૩૬૫૬૦૧


અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
• હેરકટ • ટેટુઝ • કેરાટીન • શાઈનર • હાઈલાઈટસ • નેલ આર્ટ • સ્મુથનીંગ • ફેસીયલ વીથ હાઈડ્રા • બોટોક્ષ • બ્રાઈડલ મેકઅપ • નેનો પ્લાસ્ટી • હેર એકસટેન્શન • હેર રીપ્લેસમેન્ટ
Raj Unisex Saloon Since:1996
રાજ ફેમિલી સલૂન
ટ્રેનેડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ:90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ,ચિતલ રોડ, અમરેલી.

નિત્યા સ્કીન કિલનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
ડો. જુહી ઠક્કર
M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર
ડો. પ્રતિક પ્રજાપતિ
M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561
પરમ હાઈટ્સ, બીજે માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

**અધિકારીઓ, વેપારીઓ અને ખેડૂતોની મીલીભગતથી સરકારને કરોડો રૂપિયાનો ચૂનો**

# અમરેલી જિલ્લામાં બજારમાંથી મગફળી ખરીદી કરી ટેકાના ભાવે ધાબડી દેવાનું કૌભાંડ?

**પૂર્વ ભાજપ પ્રમુખ ડો. કાનાબારના ટ્વીટથી ખળભળાટ**

અમરેલી,તા.૨૩

રાજય સરકાર દ્વારા ખેડૂતોને મગફળીના ભાવ સારા મળી રહે તે માટે ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી રહી છે. અમરેલી જિલ્લામાં મગફળીનું બહોળા પ્રમાણમાં વાવેતર થયું હોવાથી ખેડૂતોને ટેકાના ભાવ સારા મળી રહ્યા છે. જો કે મગફળીના બજારના ભાવ કરતા ટેકાના ભાવ સારા મળતા હોવાથી અધિકારીઓ, વેપારીઓ અને અમુક ખેડૂતોની મીલીભગતથી સરકારને કરોડો રૂપિયાનો ચૂનો લાગી રહ્યો છે. આ અંગે ડો. ભરત કાનાબારે ટ્વીટ કરતા સમગ્ર રાજયમાં ખળભળાટ મચી ગયો છે. ડો.કાનાબારે આ અંગે જણાવ્યું હતું કે, સાવરકુંડલા, કુંકાવાવ પંથકમાંથી ફરિયાદ ઉઠવા પામી હતી કે, અધિકારીઓ, વેપારીઓ અને અમુક ખેડૂતોની મીલીભગતથી ટેકાના ભાવે મગફળી ખરીદી કરવાનું મસમોટુ કૌભાંડ ચાલી રહ્યુ છે. કારણ કે રાજય સરકાર દ્વારા ટેકાના ભાવે કરવામાં આવતી મગફળી અને બજારમાં વેચાતી




મગફળીમાં એક મણે રૂા.૩૦૦ સુધીનો ફેર છે. જેથી જે ખેડૂતોએ મગફળીનું વાવેતર જ કરેલ નથી તેવા ખેડૂતો પાસેથી ૭-૧૨ મેળવી નીચા ભાવે બજારમાંથી મગફળી ખરીદી કરી ઉંચા ભાવે રાજય સરકારને ધાબડી દેવામાં આવે છે. આ કૌભાંડમાં મસમોટો પગાર મેળવતા અધિકારીઓ પણ સામેલ છે તેમજ વેપારીઓ પણ ખેડૂતના ૭-૧૨ મેળવી ટેકાના ભાવે મગફળી ધાબડી રહ્યાં છે. જયારે જે ખેડૂતોએ મગફળીનું વાવેતર કરેલ ન હોવા છતાં તેમના ૭-૧૨ મેળવી ખેડૂતોને અમુક રકમ આપવામાં આવી રહી છે. આમ, નીચા ભાવે બજારમાંથી મગફળી ખરીદી કરી ટેકાના ઉંચા ભાવે રાજય સરકારને ધાબડી દઈ કરોડોનું કૌભાંડ આચરવામાં આવી રહ્યુ છે. આમ, પૂર્વ ભાજપ પ્રમુખ ડો.કાનાબારના ટ્વીટથી કૌભાંડીયા તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

# અમરેલીના દીપડીયા ગામેથી પોલીસે વિદેશી દારૂની ૧૦૨ બોટલ ઝડપી

અમરેલી, તા.૨૩

અમરેલી જિલ્લાના દીપડીયા ગામે રહેતા અનકભાઈ ખોડુભાઈ ધાખડાના રહેણાંક મકાનેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૧૦૨ બોટલ ઝડપાઈ હતી. પોલીસે ૬૩,૭૫૬ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તેણે આ જથ્થો માલસીકાના રવિભાઈ બદરૂભાઈ વાળા પાસેથી ખરીદ્યો હોવાની કબૂલાત કરી હતી. કુતાણા ગામથી ખારા જવાના રોડેથી મોટર સાયકલ લઈને પસાર થતાં યુવકને અટકાવી તલાશી લેતાં તેની પાસેથી પીવાનો ૨૫ લીટર દેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે મોટર સાયકલ સહિત કુલ ૨૫,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જિલ્લામાંથી ચાર ઈસમો કેફી પીણું પીને ફરતા મળી આવ્યા હતા.

# વડીયાનાં બાંટવા દેવળી આયુષ્યમાન આરોગ્ય મંદિર બન્યું રાષ્ટ્રીય કક્ષાનું કેન્દ્ર

વડીયા,તા.૨૩

વડીયા તાલુકાના બાંટવા દેવળી ગામનું આયુષ્યમાન આરોગ્ય મંદિર હવે રાષ્ટ્રીય કક્ષાના માપદંડ ધરાવતું આરોગ્ય કેન્દ્ર બની ગયું છે. નેશનલ ક્વોલીટી એન્સોરન્સ માપદંડ મુજબ પસંદગી પામેલા આ કેન્દ્રની રાષ્ટ્રીય કક્ષાની ટીમે મુલાકાત લીધી હતી. નિરીક્ષણ દરમિયાન ટીમે કેન્દ્રના સ્ટાફનો ઈન્ટરવ્યુ લીધો હતો અને રેકોર્ડ રજિસ્ટર તેમજ અન્ય આરોગ્યલક્ષી સેવાઓનું ઝીણવટભર્યું અવલોકન કર્યું હતું. આ તમામ



બાબતોનો અહેવાલ કેન્દ્ર સરકારને રજૂ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ બાંટવા દેવળી આયુષ્યમાન આરોગ્ય મંદિરને નેશનલ ક્વોલીટી એન્સોરન્સ સ્ટાન્ડર્ડનું પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. આ સિદ્ધિ મેળવવામાં જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. આર. એમ. જોષી, ડૉ. આર.કે. જાટ, ડૉ. વ્યાસ, ડૉ. ધડુક તેમજ તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. ડી.બી. બલદાનિયાના માર્ગદર્શન હેઠળ કેન્દ્રના તમામ સ્ટાફે મહત્વનો ફાળો આપ્યો હતો. આ ઉપરાંત આશા વર્કર બહેનો શિલ્પાબેન, જાગૃતિબેન, કૈલાસબેન અને જયાબેન સહિતના કર્મચારીઓએ પણ નોંધપાત્ર યોગદાન આપ્યું હતું.

# અમરેલીના સાંસદ અને ધારાસભ્યોએ પ્રયાગરાજના મહાકુંભમાં પવિત્ર સ્નાન કર્યું

અમરેલી, તા.૨૩

મહાકુંભમાં પવિત્ર ત્રિવેણી સંગમ ખાતે અમરેલી લોકસભાના સાંસદ ભરતભાઈ સુતરીયા, ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને અમરેલીના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા અને લાઠી બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા સહિત ભાજપના આગેવાનોએ પવિત્ર સ્નાન કર્યું હતું. આ નેતાઓએ આસ્થાની ડૂબકી



લગાવીને રાષ્ટ્ર માટે પ્રાર્થના કરી હતી ત્રિવેણી સંગમમાં શાસ્ત્રીય વિધિ મુજબ પવિત્ર સ્નાન કર્યું અને રાષ્ટ્રની શાંતિ, પ્રગતિ અને પ્રજાના સુખ-સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી. તેમણે પવિત્ર સ્નાન કરી, વિવિધ સાધુ-સંતો અને અખાડાઓની મુલાકાત લીધી અને આશીર્વાદ મેળવ્યા હતા. સાંસદે જણાવ્યું કે "પ્રયાગરાજ કુંભમેળો માત્ર એક મેળો નહીં, પણ ભક્તિ, શ્રદ્ધા અને સંસ્કૃતિનો મહાસંગ્રહ છે. નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું કે, કુંભમેળો માત્ર ધાર્મિક તહેવાર નથી, તે ભારતીય પરંપરા અને સંસ્કૃતિની ભવ્યતા વિશ્વને દર્શાવતો એક મહોત્સવ છે. લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ જણાવ્યું કે, પ્રયાગરાજ કુંભમેળો એ આધ્યાત્મિક અને સાંસ્કૃતિક એકતાનું અનોખું પ્રતીક છે."

# જાફરાબાદમાં યુવકને જાનથી મારી નાખવાની ધમકી આપી માથામાં કડું માર્યું

જાફરાબાદ, તા.૨૩

જાફરાબાદમાં રહેતા એક યુવકે માથામાં કડું મારીને જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અંગે સચિનભાઈ બાબુભાઈ બારૈયા (ઉ.વ.૩૦) એ ધર્મેશભાઈ લાલજીભાઈ મકવાણા, ભાવેશ વાઘજીભાઈ બાંભણીયા, ચેતનભાઈ રમેશભાઈ ચુડાસમા તથા અવિનાશ ઉર્ફે અવો ચુડાસમા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીઓ તથા ફરિયાદીના કાકાના દીકરો રાજ ફરિયાદીના કાકાની દીકરીની જાન ઉઘલાવવામાં સાથે હતા. તે દરમિયાન તેના કાકાના દીકરા રાજે આરોપી સામે જોતા આરોપીને સારૂ નહોતું લાગ્યું. જેથી તેમના કાકાના દીકરા રાજને જેમ ફાવે તેમ ગાળો આપી માર માર્યો હતો. તેમણે આરોપીને માર મારવાની ના પાડતા તેમના હાથમાં પહેરેલ કડાનો એક ઘા માથાના પાછળના ભાગે માર્યો હતો. ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.એમ. વાઘેલા વધુ તપાસ કરી રહ્યા છે.

**જાન ઉઘલાવવા દરમ્યાન મનદુઃખમાં માર માર્યો**

# બાઈક સ્લીપ થતાં સાવરકુંડલાના વેપારીનો મોબાઈલ પડી ગયો

**અજાણ્યા ઈસમે મોબાઈલની ઉઠાંતરી કરી હોવાની ફરિયાદ**

સાવરકુંડલા, તા.૨૩

સાવરકુંડલાના એક વેપારીનો મોબાઈલ બાઈક સ્લીપ થતાં પડી ગયો હતો. જેની અજાણ્યો ઈસમ ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે વેપારી નાસીરભાઈ બાલાભાઈ ચૌહાણ (ઉ.વ.૪૨)એ જાહેર કર્યા મુજબ, તેઓ રૂગનાથપુર ગામે તેના મિત્રને મળવા ગયા હતા. ત્યાંથી પરત પોતાના ઘરે જતી વખતે રૂગનાથપુર ગામના બસ સ્ટેશનની પાસે ગોળાઈમાં પહોંચતા મોટર સાયકલ સ્લીપ થતા ઉપરના ખીસ્સામાં રહેલો મોબાઈલ ફોન પડી ગયો હતો. રૂ.૨૧,૦૦૦ની કિંમતના મોબાઈલ ફોનની અજાણ્યો ઈસમ ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન.પી. સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

# ડેડાણ ગામે 'તારે આ વહીવટ કરવાનો નથી' કહી યુવકને ગાળો આપી

ખાંભા, તા.૨૩

ખાંભાના ડેડાણ ગામે રહેતા અશોકભાઈ ભીમભાઈ પરમાર (ઉ.વ.૩૭)એ લાલાભાઈ ભગાભાઈ મકવાણા, જગદિશભાઈ ભાણાભાઈ મકવાણા, રામસિંહભાઈ ઉર્ફે દાદુ તથા અશોકભાઈ ચુડાસમા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, ડેડાણ ગામે કોળી સમાજના સમૂહલગ્ન હોય સભા સ્થળે અન્ય એડવરટાઈઝમેન્ટના બેનરો લગાડ્યા હતા. તેમના ભાઈ સાહેદ અશ્વિનભાઈએ તે બેનરો બાબતે આરોપીને કહ્યું કે, આજે કોળી જ્ઞાતીના સમૂહલગ્ન હોય અને સભા સ્થળમાં બીજા એડવરટાઈઝમેન્ટના બેનર લગાવવા જોઈએ નહિ. જેથી તેને કહ્યું કે, 'એ તારે વહીવટ કરવાનો નથી.' તેમ કહી તેના ભાઈને જાહેરમાં અશ્લીલ શબ્દોમાં ગાળો આપી, મારી નાખવાની ધમકી આપી હતી. તેઓ સમજાવવાં જતાં આરોપીઓએ તેમને જાહેરમાં અશ્લીલ શબ્દોમાં ગાળો આપી હોમગાર્ડમાંથી કઢાવી નાખવાની ધમકી તથા સાહેદ અશ્વિનભાઈને પણ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ખાંભા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.એમ.વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: અગિયારસ
તા. ૨૪-૦૨-૨૦૨૫, સોમવાર, સૂર્યોદય-૦૬:૫૮,
સૂર્યાસ્ત-૦૬:૧૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: પૂર્વાષાઢા

## દૈનિક રાશિફળ

તા.૨૪-૦૨-૨૦૨૫ સોમવાર

મેષ: પારિવારિક અને આર્થિક બાબતોમાં ચાલતી સમસ્યાઓ ઉકેલાશે અને આજીવિકાના ક્ષેત્રે નવા પ્રયત્નો થશે.

વૃષભ: ભાગીદારીમાં થઇ રહેલા કામથી લાભની સ્થિતિ ઊભી થશે. તહેવારની ખરીદી માટે પણ જઇ શકો છો.

મિથુન: સવારે ધાર્મિક યાત્રા પર જવાની યોજના હશે, પણ આકસ્મિક અન્ય કામ દ્વારા રદ કરી શકાય છે.

કર્ક: આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ક્ષેત્રમાં સખત મહેનત અને ધૈર્યથી તમને બધી સમસ્યાઓમાંથી મુક્તિ મળશે.

સિંહ: વ્યાવસાયિક સહયોગીઓ તમારી પાસેથી સલાહ અને માર્ગદર્શન પ્રાપ્ત કરશે, માન-સન્માન વધશે.

કન્યા: રોજગાર મેળવવા માગતા યુવાનોને નવી તક મળશે. તમારો પ્રોજેક્ટ કાર્યક્ષેત્રમાં પૂર્ણ થશે, તે જોઇને વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે.

તુલા: કુટુંબનું વાતાવરણ શાંતિપૂર્ણ રહેશે અને આનંદદાયક સમાચાર મળતાં તમામ સભ્યોની ખુશી વધશે.

વૃશ્ચિક: દુકાનદારો માટે આ સમયે વ્યસ્તતા વધુ રહેશે, તેના કારણે તમે પરિવાર તરફ ઓછું ધ્યાન આપી શકશો.

ધન: વ્યવસાય સંબંધિત યોજનાઓ માટે નિષ્ણાતની સલાહ મદદરૂપ થશે. ભાગ્ય તમને સાથ આપશે અને દરેક ક્ષેત્રમાં સફળતા મળશે.

મકર: આજે આજીવિકાના ક્ષેત્રે પ્રગતિ થશે. સામાજિક ક્ષેત્રમાં તમારી ક્રિયાઓ તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે અને તમારો વિસ્તાર પણ વધશે.

કુંભ: ક્ષેત્રમાં અધિકારીઓ સાથે સંબંધ સુધરશે, પરંતુ તમારે ગુપ્ત શત્રુઓથી સંભાળીને કામ કરવું પડશે.

મીન: વ્યવસાય સંબંધિત યોજનાઓ સફળ થશે અને લાભ આપવાનું શરૂ કરશે. સંતાન પક્ષની પ્રગતિથી મન પ્રસન્ન રહેશે.

# અમરેલી એસ.ટી. વિભાગીય નિયામક દ્વારા કર્મચારીઓનાં બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ

અમરેલી, તા.૨૩

આગામી તા.૨૭ ના રોજ ધો.૧૦ અને ૧૨ની પરીક્ષાઓ શરૂ થઈ રહી છે ત્યારે અમરેલી એસ.ટી. વિભાગ દ્વારા વિશેષ બસ વ્યવસ્થા કરવામાં આવી છે. બોર્ડની પરીક્ષા પૂર્વે વિભાગીય નિયામક અતુલ સોલંકી દ્વારા એસ.ટી. કર્મચારીઓનાં બાળકો જે આગામી સમયમાં બોર્ડની પરીક્ષા આપવાનાં છે




ત્યારે તેમને પ્રોત્સાહિત કરવાનાં ભાગરૂપે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને ટેન્શન વગર પરીક્ષા આપવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. વિભાગીય નિયામક દ્વારા વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ તકે સ્વામિનારાયણનાં સંતોએ વિદ્યાર્થીઓને આશીર્વચન પાઠવ્યા હતા. આ કાર્યક્રમમાં ડીટીઓ હીરીબેન, ડીએમઈ ગોહિલ, યુનિયનનાં પદાધિકારીઓ તેમજ તમામ ડેપોનાં મેનેજર ઉપસ્થિત રહ્યા હતા.

# સા.કુંડલાની કે.કે. હાઈસ્કૂલમાં બોર્ડના વિદ્યાર્થીઓને વિદાય અને ઈનામ વિતરણ સમારોહ યોજાયો

સાવરકુંડલા, તા.૨૩

સાવરકુંડલાની શ્રી કે.કે. હાઈસ્કૂલ તથા કે.કે. ઘેલાણી હાયર સેકન્ડરી સ્કૂલમાં એનએસએસ યુનિટ દ્વારા તા.૧૪-૨-૨૫ના રોજ બોર્ડના



વિદ્યાર્થીઓને વિદાય અને ઈનામ વિતરણ સમારોહ યોજાયો હતો. આ આયોજનમાં અધ્યક્ષ સ્થાને નૂતન કેળવણી મંડળના મે. ટ્રસ્ટી મુકુંદભાઈ નાગ્રેચા હાજર રહ્યા હતા. શાળાના પ્રિન્સિપાલ ચેતનકુમાર ગુજરીયાએ મહેમાનોનું સ્વાગત અને સન્માન કર્યું હતું. ધોરણ-૧૦ અને ૧૨ ના વિદ્યાર્થી ભાઈઓ-બહેનોએ પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા. શિક્ષક કમલેશભાઈ ગોંડલીયાએ પરીક્ષાની શુભકામના પાઠવી હતી.

# ગજેરા કેમ્પસની જ્ઞાનશક્તિ શાળાના બાળકોએ રાજકોટમાં આકાશવાણીના કાર્યક્રમમાં ભાગ લીધો

અમરેલી,તા.૨૩

અમરેલીમાં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ સંચાલિત જ્ઞાનશક્તિ રેસિડેન્શિઅલ સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ તેમજ અંગ્રેજી, ગુજરાતી અને મિશ્ર માધ્યમનાં વિદ્યાર્થીઓએ વિવિધ પ્રકારની કૃતિઓ તૈયાર કરીને રાજકોટ આકાશવાણીની બાલસભાનાં કાર્યક્રમમાં ભાગ લીધો હતો. તેમણે પ્રાર્થના, ભજન, બાળવાર્તા, લોકગીત, દુહા-છંદ-ચોપાઈ, શ્લોક, સ્પીચની ખૂબ જ ઉત્સાહ સાથે સુંદર રજૂઆત કરી હતી. આકાશવાણી દ્વારા આ કાર્યક્રમનું રવિવારે પ્રસારણ



કરાયું હતું. આ કાર્યક્રમનું આયોજન વિદ્યાસભાના કેમ્પસ ડાયરેક્ટર પેથાણી સાહેબનાં માર્ગદર્શન હેઠળ સંગીત શિક્ષક કિશનભાઈ દ્વારા થયું હતું. આકાશવાણીમાં ભરતભાઈ કરમટા, સહાયક ડૉ. ભાવનાબેન શિંગાળા અને ડિમ્પલબેન મોદી દ્વારા આ કાર્યક્રમની રૂપરેખા તેમજ માર્ગદર્શન અપાયું હતું.

# સાવરકુંડલા શ્રી બ્રાંચ શાળા નં. ૨ કન્યાશાળામાં માતૃભાષા દિવસની ઉજવણી

સાવરકુંડલા, તા.૨૩

સાવરકુંડલા માં શુક્રવારના રોજ શ્રી બ્રાંચ શાળા નં. ૨ કન્યાશાળામાં આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ ઊજવાયો હતો. આ અવસરે વિદ્યાર્થિનીઓએ માતૃભાષા એટલે શું? વિષય પર નિબંધ, વાર્તાઓ અને જુદા જુદા પ્રદેશોની ગુજરાતી ભાષાનું નાટ્ય રજૂ કર્યું. additionally, રમતોમાં ચિઠ્ઠી પકડી સમાનાર્થી,



વિરુદ્ધાર્થી, પર્યાયવાચી અને વર્ણપ્રાસ પંક્તિઓ બોલવાની રમત રમાઈ હતી. શિક્ષિકા શ્રી ભાવિકાબેન અને રેખાબેને બાળકોને માર્ગદર્શન આપ્યું હતું. આચાર્ય ભારતીબેન અને સમગ્ર સ્ટાફે તેમની મહેનત માટે આભાર માન્યો હતો.

તંત્રી લેખ

# અમેરિકામાં પટેલ પાવર ; કાશ પટેલ

યુએસ ફેડરલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (FBI) ના ડિરેક્ટર કાશ પટેલ શુક્રવારે સત્તાવાર રીતે શપથ લીધા પછી હેડલાઈન્સમાં છે. તેમણે ભગવદ ગીતા પર શપથ લઈને બધાને આશ્ચર્યચકિત કરી દીધા હતા. આ પછી, કાશ પટેલના હિન્દુ ધર્મ સાથેના ઊંડા જોડાણની ચર્ચા થઈ રહી છે. તેમણે અયોધ્યામાં રામ મંદિર અંગે પશ્ચિમી મીડિયા કવરેજની આકરી ટીકા કરી હતી. કાશ પટેલને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના નજીકના માનવામાં આવે છે. ટ્રમ્પની જીત બાદથી જ કાશ પટેલને FBI ડિરેક્ટર બનાવવાની અટકળો ચાલી રહી હતી. ગુરુવારે યુએસ સેનેટમાં સાંકડા મતદાન બાદ, ૫૧ મતો તરફેણમાં અને ૪૯ મતો વિરુદ્ધમાં પડતા, કાશ પટેલને FBIના નવમા ડિરેક્ટર તરીકે પુષ્ટિ આપવામાં આવી. જોકે, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભૂતપૂર્વ આતંકવાદ વિરોધી ફરિયાદીમાં વિશ્વાસ વ્યક્ત કર્યો હતો અને કહ્યું હતું કે તેમને 'અત્યાર સુધીના શ્રેષ્ઠ' FBI ડિરેક્ટર તરીકે યાદ કરવામાં આવશે.

કાશ પટેલે વારંવાર અમેરિકા પ્રત્યેના તેમના પ્રેમ અને પ્રતિબદ્ધતાને પુનરાવર્તિત કરી છે, પરંતુ અનેક પ્રસંગોએ તેમનો હિન્દુ ધર્મ પ્રત્યેનો પ્રેમ પણ સામે આવ્યો છે. તેમણે અયોધ્યામાં રામ મંદિર અંગે મુખ્ય પશ્ચિમી મીડિયા સંગઠનો સામે કડક વલણ અપનાવ્યું હતું. અનેક મીડિયા આઉટલેટ્સે ૨૨ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ રામ મંદિરના અભિષેકને ઉભરતા હિન્દુ રાષ્ટ્રવાદના પ્રતીક તરીકે રજૂ કર્યો હતો. જોકે, કાશ પટેલે આ નિવેદનની આકરી ટીકા કરી હતી અને અહેવાલની ટીકા કરતા કહ્યું હતું કે આ અહેવાલ બાબરી મસ્જિદ ધ્વંસ વિવાદ પર ધ્યાન કેન્દ્રિત કરે છે જ્યારે સ્થળના ઊંડા મૂળવાળા હિન્દુ વારસાને અવગણે છે. તેમણે અહેવાલમાં મંદિરના ૫૦૦ વર્ષ જૂના ઈતિહાસને આવરી ન લેવા બદલ ટીકા કરી. , 'વાસ્તવમાં વાતને અદ્યતન રાખવા માટે, રામ મંદિરના ઉદ્ઘાટન સમયે, જ્યારે પીએમ મોદી ત્યાં ગયા હતા, ત્યારે વોશિંગ્ટનના બધા અખબારોએ ફક્ત છેલ્લા ૫૦ વર્ષના ઈતિહાસને આવરી લીધો હતો. તેઓ છેલ્લા ૫૦૦ વર્ષ ભૂલી ગયા હતા. તમે હિન્દુ હો કે મુસ્લિમ, ૧૫૦૦ માં ત્યાં એક હિન્દુ દેવતાનું હિન્દુ મંદિર હતું જે તોડી પાડવામાં આવ્યું હતું, અને તેઓ તેને પાછું મેળવવા માટે ૫૦૦ વર્ષથી પ્રયાસ કરી રહ્યા છે.' તેમણે યુએસ મીડિયાના કવરેજને 'ખોટી માહિતી અભિયાન' ગણાવ્યું હતું.

કાશ પટેલે કહ્યું, 'પરંતુ વોશિંગ્ટનની સ્થાપના ઈતિહાસનો તે ભાગ ભૂલી ગયા અને મને લાગે છે કે આ એક ખોટી માહિતી આપતું અભિયાન છે જે ભારત અને વડાપ્રધાન (નરેન્દ્ર મોદી) ના પદને નુકસાન પહોંચાડી રહ્યું છે. તેઓ આનો ઉપયોગ એટલા માટે કરી રહ્યા છે કારણ કે મને લાગે છે કે તેઓ ટ્રમ્પ અને મોદીને એક જ લોકો તરીકે જુએ છે અને વોશિંગ્ટનમાં સ્થાપના વર્ગ એવું ઈચ્છતો નથી કે આવું થાય.' જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પ એક મહત્વપૂર્ણ કાર્યક્રમ માટે અમદાવાદ આવ્યા હતા, ત્યારે પટેલે તેમના ભાષણની નોંધો તૈયાર કરવામાં મોટી ભૂમિકા ભજવી હતી. ભારતીય પ્રેક્ષકોને આ સામગ્રી ગમે તે રીતે ગમી જાય તે માટે તેમણે સચિન તેંડુલકર અને સ્વામી વિવેકાનંદના સંદર્ભો સામેલ કર્યા હોવાનું કહેવાય છે. કાશ પટેલ પોતાના હિન્દુ પરંપરાવાદનો દેખાડો કરવામાં કોઈ કચાશ રાખતા નથી. સેનેટમાં તેમની પુષ્ટિકરણ સુનાવણી દરમિયાન પણ, તેમણે તેમના માતાપિતાના ચરણ સ્પર્શ કર્યા, જે ભારતીય સંસ્કૃતિમાં આદરનું પ્રતીક માનવામાં આવે છે. તેમણે સેનેટમાં તેમના સમાપન ભાષણમાં 'જય શ્રી કૃષ્ણ' ના નારાનો પણ સમાવેશ કર્યો, જે તેમના સાંસ્કૃતિક અને આધ્યાત્મિક મૂળમાં તેમના વિશ્વાસને પુનઃપુષ્ટિ આપે છે.

# સ્પર્ધાત્મક પરીક્ષા માટે ગણિતનું માર્ગદર્શન

**નમસ્કાર વિદ્યાર્થીમિત્રો,**

છેલ્લા અંકમાં આપણે બીજગણિત (**Algebra**) ના કેટલાક સૂત્રો વિશે ચર્ચા કરી અને તેનો ઉપયોગ કરી કેટલાક પ્રશ્નોના ઉકેલ પણ મેળવ્યા. હવે આશા છે કે એ તમારી આવનારી સ્પર્ધાત્મક પરિક્ષામાં તમે તે ટોપિકના પ્રશ્નો ઉકેલી શકશો અને સફળ થશો.

હવે આ લેખમાં આપણે બીજગણિત (**Algebra**) ના કેટલાક ખાસ સૂત્રો વિષે ચર્ચા કરીશું. આ સૂત્રો યાદ રાખવા જરૂરી છે જેનો ઉપયોગ કરી તમે ઘણા પ્રશ્નોના જવાબ મેળવી શકો છો જે સૂત્રો નીચે મુજબ છે.

1) જો $x+(1/x)=k$, હોય તો બંને બાજુ વર્ગ કરતા $[x+(1/x)]^2=k^2 \rightarrow x^2+(1/x)^2+2=k^2$

તેથી, $x^2+(1/x^2)=k^2-2$.

2) હવે $x+(1/x)=k$, હોય તો ઉપરના સૂત્રના પરથી, $x^2+(1/x^2)=k^2-2$. બંને બાજુ વર્ગ કરતા $[x^2+(1/x^2)]^2=(k^2-2)^2 \rightarrow x^4+(1/x^2)^2+2=k^4-4k^2+4 \rightarrow x^4+(1/x^4)=k^4-4k^2+2$.

3) જો $x+(1/x)=k$, હોય તો બંને બાજુ ઘન કરતા $[x+(1/x)]^3=k^3 \rightarrow x^3+(1/x)^3+3[x+(1/x)]=k^3 \rightarrow x^3+(1/x)^3=k^3-3k$. તેથી, $x^3+(1/x^3)=k^3-3k$.

4) તેવી જ રીતે જો $x-(1/x)=k$, તો $x^2+(1/x^2)=k^2+2$, $x^4+(1/x^4)=k^4+4k^2+2$ અને $x^3+(1/x^3)=k^3+3k$.

5) $[x+(1/x)]^2-[x-(1/x)]^2=4$

હવે આપણે આ સૂત્રોની મદદથી સ્પર્ધાત્મક પરીક્ષામાં પુછાયેલા પ્રશ્નોના જવાબ મેળવીએ.

પ્ર.૧ જો $a+(1/a)=2$, હોય તો $a^4+(1/a^4)=?$

(a) 2 (b) 4 (c) 8 (d) 16

જવાબ: (a) 2

ઉપરના સૂત્ર પરથી $a^4+(1/a^4)=k^4-4k^2+2=(2)^4-4(2)^2+2=16-16+2=2$

પ્ર.૨ જો $\sqrt{a}+(1/\sqrt{a})=5$, હોય તો $a^2+(1/a^2)$ ની કિંમત શું થાય?

(a) 527 (b) 727 (c) 623 (d) 523

જવાબ: (a) 527

આ પ્રશ્નમાં જો $\sqrt{a}=x$ લઈએ તો પ્રશ્ન બને $x+(1/x)=5$, હોય તો $x^4+(1/x^4)$ શું થાય? સૂત્ર પરથી

$x^4+(1/x^4)=(5)^4-4(5)^2+2=625-100+2=527$

પ્ર.૩ જો $x-(1/x)=9$, હોય તો $x^2+(1/x^2)$ શું થાય?

(a) 81 (b) 79 (c) 83 (d) 49

જવાબ: (c) 83

ઉપરના સૂત્ર પરથી $x-(1/x)=9$, તો $x^2+(1/x^2)= \rightarrow (9)^2+2=81+2=83$.

પ્ર.૪ જો $x-(1/x)=7$, હોય તો $x^4+(1/x^4)$ શું થાય?

(a) 2809 (b) 2599 (c) 2807 (d) 2603

જવાબ: (b) 2599

ઉપરના સૂત્ર પરથી $x-(1/x)=7$, તો $x^4+(1/x^4)=(7)^4+4(7)^2+2=2401+196+2=2599$

પ્ર.૫ જો $x^2+(1/x^2)=23$, હોય તો $x+(1/x)$ ની કિંમત શું થાય?

(a) 4 (b) 5 (c) 6 (d) 3

જવાબ: (b) 5

અહી આપેલ સૂત્રનો ઉલટો ઉપયોગ કરીએ તો જો $x^2+(1/x^2)=k^2-2$ હોય તો $x+(1/x)=k$ થાય. તેથી, $k^2-2=23 \rightarrow k^2=25 \rightarrow k=5$.

પ્ર.૬ જો $x^4+(1/x^4)=2207$, હોય તો $x+(1/x)$ ની કિંમત શું થાય?

(a) 7 (b) 9 (c) 11 (d) 19

જવાબ: (a) 7.

અહી આપેલ સૂત્રનો ઉલટો ઉપયોગ કરીએ તો સમીકરણનો ઉકેલ મેળવવો કઠીન થઈ શકે છે. તેથી આપણે આ રીતે સૂત્રનો ઉપયોગ કરીએ કે જો $x^4+(1/x^4)=k^2-2$ હોય તો $x^2+(1/x^2)=k$ અને ફરીથી ઉપરના પ્રશ્ન પ્રમાણે સૂત્રનો ઉપયોગ કરીને જવાબ મળી શકે. તેથી, $k^2-2=2207 \rightarrow k^2=2209 \rightarrow k=47$. તેથી, $x^2+(1/x^2)=47$. હવે ઉપરના પ્રશ્ન પ્રમાણે $k^2-2=47 \rightarrow k^2=49 \rightarrow k=7$.

પ્ર.૭ જો $x^2+(1/x^2)=23$, હોય તો $x-(1/x)$ શું થાય?

(a) 5 (b) 4 (c) 3 (d) $\sqrt{21}$

જવાબ: (d) $\sqrt{21}$.

**કારકિર્દી માર્ગદર્શન**

**- અમરેલી ગણિત વર્તુળ**

**ડો. ગોપાલ કે. રાઠોડ**

**મો.નં.૯૪૦૮૫૫૫૯૭૯**

અહી આપેલ સૂત્રનો ઉલટો ઉપયોગ કરીએ તો જો $x^2+(1/x^2)=k^2+2$ હોય તો $x-(1/x)=k$ થાય. તેથી, $k^2+2=23 \rightarrow k^2=21 \rightarrow k=\sqrt{21}$.

પ્ર.૮ જો $x^4+(1/x^4)=2599$, હોય તો $x-(1/x)$ ની કિંમત શું થાય?

(a) 7 (b) 9 (c) 5 (d) 8

જવાબ: (a) 7.

આપણે આ રીતે સૂત્રનો ઉપયોગ કરીએ કે જો $x^4+(1/x^4)=k^2-2$ હોય તો $x^2+(1/x^2)=k$ અને ફરીથી ઉપરના પ્રશ્ન પ્રમાણે સૂત્રનો ઉપયોગ કરીને જવાબ મળી શકે. તેથી, $k^2-2=2599 \rightarrow k^2=2601 \rightarrow k=51$. તેથી, $x^2+(1/x^2)=51$. હવે ઉપરના પ્રશ્ન પ્રમાણે $k^2+2=51 \rightarrow k^2=49 \rightarrow k=7$.

પ્ર.૯ જો $x+(1/x)=5$, હોય તો $x^3+(1/x^3)$ ની કિંમત શું થાય?

(a) 140 (b) 125 (c) 110 (d) 115

જવાબ: (c) 110 .

ઉપરના સૂત્ર પરથી $x^3+(1/x^3)=(5)^3-3(5)=125-15=110$.

પ્ર.૧૦ જો $x-(1/x)=3$, હોય તો $x^3-(1/x^3)=?$

(a) 27 (b) 25 (c) 36 (d) 18

જવાબ: (c) 36

ઉપરના સૂત્ર પરથી $x^3-(1/x^3)=(3)^3+3(3)=27+9=36$.

પ્ર.૧૧ જો $\sqrt{a}+(1/\sqrt{a})=3$, હોય તો $a^3+(1/a^3)$ ની કિંમત શું થાય?

(a) 322 (b) 364 (c) 1310 (d) 1352

જવાબ: (a) 322

જો $\sqrt{a}+(1/\sqrt{a})=k$, હોય તો $[\sqrt{a}]^2+[(1/\sqrt{a})]^2=a+(1/a)=k^2-2$. તેથી, $a+(1/a)=(3)^2-2=7$. હવે પ્રશ્ન 9 પ્રમાણે $a^3+(1/a^3)=(7)^3-3(7)=343-21=322$.

પ્ર.૧૨ જો $x^2+(1/x^2)=83$, હોય તો $x^3-(1/x^3)=?$

(a) 756 (b) 729 (c) 731 (d) 702

જવાબ: (a) 756

અહી સૌપ્રથમ $x^2+(1/x^2)$ પરથી $x-(1/x)$ ની કિંમત મેળવી ત્યારબાદ $x^3-(1/x^3)$ ની કિંમત મળશે.

તો પ્રશ્ન(7) પરથી $k^2+2=83 \rightarrow k=9$. તેથી, $x-(1/x)=9 \rightarrow x^3-(1/x^3)=(9)^3+3(9)=756$.

પ્ર.૧૩ જો $x+(1/x)=\sqrt{29}$, હોય તો $x-(1/x)=?$

(a) 5 (b) 4 (c) 7 (d) 3

જવાબ: (a) 5

અહી આપેલ સૂત્ર(5) પરથી $[x+(1/x)]^2-[x-(1/x)]^2=4 \rightarrow [x-(1/x)]^2=29-4=25 \rightarrow x-(1/x)=5$

પ્ર.૧૪ જો $x=2-\sqrt{3}$, હોય તો $x+(1/x)=?$

(a) 4 (b) $2\sqrt{3}$ (c) $4+\sqrt{3}$ (d) $4-\sqrt{3}$

જવાબ: (a) 4

અહી $x=2-\sqrt{3}$, તેથી $1/x=(1/(2-\sqrt{3})=(1/(2-\sqrt{3})\times(2+\sqrt{3})/(2+\sqrt{3})=(2+\sqrt{3})/(2^2-(\sqrt{3})^2=2+\sqrt{3}$.

તેથી, $x+(1/x)=2-\sqrt{3}+2+\sqrt{3}=4$

આ પ્રશ્ન બીજી રીતે પણ ઉકેલી શકાય કે જેમાં જો $x=a\pm b$ હોય અને $a^2-b^2=1$ હોય તો $(1/x)=a\pm b$ થાય. અહી $x=2-\sqrt{3}$ છે અને $(2)^2-(\sqrt{3})^2=1$ થાય છે. તેથી, $(1/x)=2+\sqrt{3}$ થશે. તેથી, $x+(1/x)=2-\sqrt{3}+2+\sqrt{3}=4$.

પ્ર.૧૫ જો $x=3+2\sqrt{2}$, હોય તો $x-(1/x)=?$

(a) 6 (b) $4\sqrt{2}$ (c) $4+\sqrt{2}$ (d) $4-\sqrt{2}$

જવાબ: (b) $4\sqrt{2}$

અહી $x=3+2\sqrt{2}$ છે અને $(3)^2-(2\sqrt{2})^2=1$ થાય છે. તેથી, $(1/x)=3-2\sqrt{2}$ થશે.

તેથી, $x-(1/x)=3+2\sqrt{2}-3+2\sqrt{2}=4\sqrt{2}$.

# "ફરિયાદ બંધ થાય ત્યારે જીવનમાં આનંદની સુગંધ પ્રસરે છે"

અગવડતા ને અવસરમાં ફેરવી શકવાનો અભિગમ જીવનને આનંદિત બનાવે છે. દરરોજની જેમ આજે એ જ સમય હતો. સાડા પાંચની આસપાસ સ્કૂલ ભરીને ત્યાંથી પસાર થવાનું થાય. બરાબર આ સમયે કેટલાક શ્રમજીવીના બાળકો ત્યાં રમતા હોય છે. આસપાસમાં બે-ત્રણ વાડીમાં ચાર-પાંચ શ્રમજીવી પરિવારો ભાગીયું રાખીને રહેતા. તેના પંદરેક નાના બાળકો નિયમિત કૈક ને કૈક રમત રમવામાં મશગુલ હોય છે. લગભગ હું નીકળું એ સમયે આ બધા બાળકો છુક છુક ગાડીની રમત રમતા જોવા મળતા. ક્યારેક ત્યાં થોડીવાર ઊભો રહીને નિર્દોષ બાળકોની આ નિર્દોષ રમત નિહાળતો અને જીવનમાં ઈરાદાપૂર્વક ઉલ્લુ બનાવવાની મોટેરાઓની મેલી રમત થોડી વાર ભૂલીને હું પણ નિર્દોષ આનંદ માણી લઉ એવો હેતુ હોય એટલે આ ભૂલકાંઓની રમત જોવાનું મન થાય. પહેલો છોકરો એન્જિન બને અને એની પાછળ એકબીજાના શર્ટ પકડીને બાકીના બાળકો ડબા બને. હું દરરોજ જોતો તો એન્જિન અને ડબા બદલાતા રહે. દરેકને એન્જીન થવું ગમતું હોય છે એટલે આવો ક્રમ સમજૂતીથી બદલાતો હોય છે. પણ સૌથી છેલ્લો ગાર્ડનો ડબો કાયમ એનો એ જ હોય. રોજ એકનો એક નાનો છોકરો ઉઘાડા ડીલે ખાલી ચડ્ડી પહેરીને હાથમાં એક સાંઠીકડા ઉપર લાલ અને લીલો લીરો રાખીને ગાર્ડનો ડબો બનતો અને મોજ મસ્તીથી ગાડી ચાલી છુક..છુક બોલતો. મને થોડી નવાઈ લાગી એટલે મેં એને પાસે બોલાવીને પૂછ્યું કે બેટા તું કેમ એન્જિન બનતો નથી. બીજા બધા તો વારાફરતી એન્જિન બને છે. છોકરાએ ખૂબ જ સહજતાથી અને સરળતાથી ટૂંકો જવાબ દીધો: 'ના'. ફરી ઉત્સુકતાથી મે પૂછ્યું કે ના શું કામ? એટલે સ્થિર થઈને મારી આંખોમાં આંખો પરોવીને આત્મવિશ્વાસથી બોલ્યો કે એન્જિન કે આગળના બધા ડબા બનવા માટે એકબીજાનો શર્ટ પકડવો પડે. મારી પાસે શર્ટ નથી એટલે હું ગાર્ડનો છેલ્લો ડબો બનું અને બધાની સાથે ગાડીની રમત રમી શકું. છોકરાના ચહેરા પર ભોળપણ તરવરતું હતું પણ એનો જવાબ સાંભળીને હું સ્તબ્ધ બની ગયો. છોકરો તો ફરી ગાર્ડનો ડબો બનીને પોતાની મસ્તીમાં રમવા લાગ્યો. ગાડી ચાલી છુક..છુક.. મારી પાસે શર્ટ નથી એવું સરળતાથી બોલી શકનાર છોકરાનું આ વાક્ય આપણા જીવનની બધી હતાશા ખંખેરી નાખે છે. આપણે તો મારી પાસે આ નથી, તે નથી, ગાડી નથી, બંગલો નથી, પૈસા નથી વગેરે વગેરે ખૂબ લાંબુ લિસ્ટ મગજમાં રાખીને જ્યાં મોકો મળે ત્યાં ફરિયાદ કરવાનું ચૂકતા નથી. હવે પેલા છોકરાની વાત વિચારો તો 'મારી પાસે શર્ટ નથી, મારે એન્જિન બનવું છે, હું રોજ સૌથી છેલ્લો જ હોવ, મને શર્ટ લઈ દો નહિતર હું રમવા નહિ જાઉં' આવી સામાન્ય ફરિયાદ એના વાલીને કરવાને બદલે એણે પોતાની રીતે આનંદ લેવાનો વિકલ્પ શોધી લીધો. દરરોજ ગાર્ડનો ડબો બનીને ભલે સૌની છેલ્લે રહેવાનું પસંદ કર્યું પરંતુ પોતાની પરિસ્થિતિને પામીને અગવડતાને અવસરમાં ફેરવી શકવાની એની સમજણ, કુનેહ અને કાબેલિયતના કારણે રમતમાં જોડાયેલ રહ્યો, સૌની સાથે હળતો મળતો રહ્યો અને રમતનો આનંદ લેતો રહ્યો. બસ આ જ સાચું જીવનનું એડજેસ્ટમેન્ટ છે. ગમે તે પરિસ્થિતિમાં ફરિયાદ કરવાને બદલે પોતાની જાતને પરિસ્થિતિને અનુકૂળ કરો અને આનંદ લો. જીવનરૂપી ગાડીની રમતમાં આનંદ મહત્વનો છે. તમે છેલ્લા છો કે પહેલા તે મહત્વનું નથી. ગાડીમાં તમે બેઠા છો એ મહત્વનું છે. જીવનમાં ઘણીવાર આનંદ લેવાનું ચૂકી જવાય છે અને આ હોત તો ? પેલું હોત તો ? આમ થયું ના હોત તો ? મારી પાસે આવું હોત તો ? જેવા અફસોસ સાથેના સવાલોમાં જિંદગી પૂરી થઈ જાય છે. જીવનમાં બધી જ વસ્તુઓ બધાને મળે જ એવું શક્ય જ નથી તેથી ફરિયાદોનો સિલસિલો ચાલુ જ રહે છે કે મારી પાસે આ નથી ને તે નથી. પેલો કંઈ કરતો નથી તોય એની પાસે બધુય છે આવી સરખામણી વાળી ફરિયાદો જ આપણને દુઃખી કરે છે. આપણી પાસે જે છે, જેવું છે અને જેટલું છે તેને જીવનને સુંદર અને મજાનું બનાવવા માટે કેવી રીતે ઉપયોગ કરી શકાય એની સાચી સમજણ એ જ જીવન જીવવાની સાચી કળા છે. એક ખાલી ચડ્ડી પહેરેલો નાનકડો છોકરો પણ આપણને આવી સાચી સમજણ આપી શકે છે. હું એન્જિન નથી બની શકતો પણ ગાર્ડનો ડબો તો જરૂર બની શકું છું અને રમતનો આનંદ માણી શકું છું. ગાર્ડના ડબા વગરની ટ્રેન હમેશા અધૂરી જ છે અને એન્જિન હોય કે ગાર્ડનો ડબ્બો..અહેસાસ તો હંમેશા ગાડીનો જ થાય છે. આમ જીવનના દરેક પડાવ પર આપણી પરિસ્થિતિને આધીન અનુકૂળ થઈને આનંદ માણવાની કળા શીખવા જેવી છે. ડૂબતા ટાઈટેનિક જહાજમાં મોતના મુખમાં ઉભેલા એ ગોરા આદમીઓ સંગીતની સુરાવલીઓ સાથે છેલ્લી ઘડી સુધી આનંદ માણી રહ્યા હતા એ દૃશ્ય પણ આજ વાતની પુષ્ટિ કરે છે કે ફરિયાદ બંધ થાય ત્યારે જ આનંદની સુગંધ માણી શકાય છે. સૌના જીવનમાં ક્ષણે ક્ષણે આવી આનંદની અનુભૂતિ થતી રહે એવી સૌને મતિ મળે એવી પ્રાર્થના. સૌને જય શ્રી કૃષ્ણ.






મનન ચિંતન

ભરત બાવીશી

# સંવેદના અને સેવાનું સરનામુ-સ્વામી નિર્દોષાનંદ હોસ્પિટલ

દિન દુઃખીયા અને દુઃખી માણસોની પીડા જોઈએ માણસનાં હૃદયમાંથી સત્વ અને તત્વની પવિત્ર ગંગા વહે એટલે દુઃખીયા માણસોની સેવા થાય છે. પ.પુ. સ્વામી શ્રી નિર્દોષાનંદ સરસ્વતી મહારાજનો જન્મ ભાવનગર જિલ્લાનાં તરસમીયા ગામે સને.૧૯૩૦માં મહાશિવરાત્રીનાં પવિત્ર દિવસે થયો હતો. બાળપણમાં માતા પિતા તેમજ સાધુ સંતોની પ્રેમથી સેવા કરતા હતા. વેદોની પવિત્ર નગરી કાશીમાં ૧૨ વર્ષ સુધી રહીને અભ્યાસ કર્યો હતો. પ.પુ. સ્વામી નિર્દોષાનંદજીએ કયારેય રૂપિયાને હાથ અડાડ્યો નહી અને પગપાળા ચાલતા-ચાલતા સતત પરીભ્રમણ કરતા રહ્યા. દિન-દુઃખીયા લોકો, નિરાધાર લોકોની સેવામાં પોતાનું આયખુ પુરૂ કરનાર સંતના વિચારો કેટલા પવિત્ર હોય એ જાણવા જેવું છે. પ.પુ. સ્વામી શ્રી નિર્દોષાનંદજી સેવક સમુદાય સાથે ભાવનગર જિલ્લાનાં ઢસા ગામે ૨૦૦૫ માં મહાશિવરાત્રીનાં ધાર્મિક ઉત્સવ દરમ્યાન આશીર્વચન આપી રહ્યા હતા ત્યારે સેવક સમુદાય સામે દિન-દુઃખીયા અને ગરીબ માણસોની આરોગ્યની સેવા કરવા વિનામૂલ્યે હોસ્પિટલ શરૂ કરવાનું સૂચન કર્યું. કોઈ ટ્રસ્ટ હતું નહી. હોસ્પિટલના નામે ફંડ-ફાળો કે ફિ પણ લેવાની નહી આવો આગ્રહ ગુરુજીનો હતો. એ વાત ટ્રસ્ટી બી.એલ. રાજપરાએ મને કરી ત્યારે ખુબ આશ્ચર્ય થયું કે શ્રધ્ધામાં કેટલો વિશ્વાસ હશે કે આજે સેવાની જયોત વટવૃક્ષ બની. આમ છતાં પણ દર્દીના કેસ ફિના પણ રૂપિયા લેવામાં આવતા નથી. ત્યારે આશ્ચર્ય એ થાય છે કે માનવતા વિહિન કેટલાક અધિકારીઓ, નેતાઓ અને ધનાઢ્ય સંપત્તિઓનાં માલિકો જેની બીજી પેઢી ધન કે આબરૂ સાચવી શકે તેમ નથી તેવા લોકો આ સંપત્તિને શું કરશે ? તમને પણ આ વિચાર જરૂરથી આવતો જ હશે ? મેં કર્યું, મારા હિસાબે કામ મંજૂર થયું, મે દાન આપ્યું. આવા શબ્દો વચ્ચે અહીં કોણ-કયારે-કેટલા આપીને ગયા. નામ સુધ્ધાનો કોઈને મોહ નથી. માત્ર સેવા અને પ્રભુ કૃપા એ જ એમના મનમાં છે. ૨૦૧૧માં હોસ્પિટલનું બાંધકામ પૂર્ણ થતાં જન સેવા માટે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જ્ઞાતિ-જાતિના ભેદભાવ વિના ગરીબ કે તવંગરને અલગ-અલગ સુવિધાઓ વિના સહુ સમાન એ ધ્યેય સાથે જરૂરીયાતમંદ દર્દીઓને તદન વિનામૂલ્યે આરોગ્યની સેવાઓ આપવામાં આવે છે. અત્યાર સુધીમાં ૨૮,૦૮,૯૨૪ દર્દીઓને ઓ.પી.ડી. સારવાર આપવામાં આવી છે. ૮૫૪૧૭ ઓપરેશન કરવામાં આવ્યા છે. ૧૩૪૪૯ પ્રસૂતિ કરાવવામાં આવી છે. ૧૩,૪૬,૫૮૧ દર્દીઓએ એકસરે-સોનોગ્રાફી, લેબોરેટરીનો લાભ લીધો છે. હોસ્પિટલમાં દાખલ થયેલા ૩૬,૪૧,૦૬૫ દર્દીઓ અને તેના સગા સંબંધીઓએ વિનામૂલ્યે ભોજન પ્રસાદનો લાભ લીધો છે. હાલમાં દરરોજ ૧૨૦૦ જેટલી ઓ.પી.ડી. રહે છે. ૧૨૫ બેડની હોસ્પિટલ છે. જયારે ૧૨૫ બેડની ક્ષમતા સાથે નવનિર્મિત બિલ્ડીંગનું કામ શરૂ છે. આ હોસ્પિટલમાં જનરલ સર્જન, ફિઝીશ્યન, ગાયનેક, પિડીયાટ્રીશ્યન, યુરોલોજીસ્ટ, ઈ.એન.ટી, આંખ, ઓર્થોપેડીક, ડેન્ટલ, ફિઝીયોથેરાપી જેવા વિભાગોમાં નિયમિત ડોકટરો સેવા આપે છે. જનસેવાનાં મંત્ર સાથે ચાલતી આ હોસ્પિટલમાં વહિવટી ખર્ચ દર મહિને એક કરોડ ઉપરાંત આવે છે. બાકીના ખર્ચાઓ અલગ આમ છતાં ગુરૂશ્રી નિર્દોષાનંદજીના આશીર્વાદ અને સેવક સમુદાયના સહયોગથી ફંડ ફાળા ઉઘરાવવા જવુ નથી પડતું. આથી વધુ ઈશ્વરના આશીર્વાદ બીજા શું હોઈ શકે ? અહીં હોસ્પિટલના કામકાજ માટે ટ્રસ્ટના ઉપપ્રમુખ બી.એલ. રાજપરા અને ટ્રસ્ટીઓ સતત જન કલ્યાણ અને સેવાના આ યજ્ઞમાં સેવા આપી રહ્યા છે. સાથે સાથે ડોકટરો અને સ્ટાફ પણ માનવસેવાના યજ્ઞમાં જોડાયેલા છે. અહીં હોસ્પિટલના કામકાજ માટે **સંપર્ક નં.૯૮૭૯૫ ૩૪૫૫૧** છે.





ઝાકળનું એક બિંદુ

હિરેન હિરપરા

**તિખારો**

**માન, મર્યાદા, સંસ્કારોને ભુલી કોઈને છેતરીને કંઈ મેળવી લેવુ એ સફળતા નથી. પણ તમારા ઉપર વિશ્વાસ મૂકીને જીવનાર સાથે દગો કર્યા પછી પોતાના વારાની રાહ જરૂર જોવી.**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અઠવાડિક ખેતી કાર્યો



ડો. જી.આર.ગોહિલ
જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ
ફોનઃ ૯૨૭૫૭ ૦૮૩૪૨

● જમીનની ફળદ્રુપતા જાળવી રાખવા માટે સલાહ આપવામાં આવે છે કે ઘઉંના પાકની કાપણી કમ્બાઈંડ હાર્વેસ્ટ વડે કર્યા બાદ ૫ કિલો માધ્યમ કલ્ચર નાખી રોટાવેટર અને રાંપ વડે ખેડ કરીને ઘઉંના પાકના અવશેષોને જમીનમાં ભેળવી દેવા તેમજ યુરિયાનો છંટકાવ અથવા યુરીયા આપી ફુવારા પિયત વડે હલકું પિયત આપવું.

**ઉનાળુ મગફળીઃ**

● મગફળીના કોલર રોટ રોગને ઘટાડવા માટે બીજ માવજત (ICBR 1:51.12) તરીકે @ 1.25 ગ્રામ/કિલો ટેબુકોનાઝોલનો ઉપયોગ કરવાની સલાહ આપવામાં આવે છે.

● નિંદામણ : પ્રિ-ઈમરજન્સ તરીકે મગફળીનું વાવેતર કર્યા બાદ ઉગતા પહેલા જરૂર જણાય તો જ સ્ટોમ્પનો છંટકાવ કરવો.

● બીજને પટઃ બીજને થાયરમનો પટ આપવો ત્યારબાદ રાઈઝોબીયમ અને ફોસ્ફેટ કલ્ચરનો પણ પટ આપીને વાવેતર કરવું.

● ઉનાળુ વાવેતર માટે ભરોસા પાત્ર એગ્રો પાસેથી સમયસર બિયારણ મેળવી લેવું.

● જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ દ્વારા ઉપલબ્ધ બિયારણ મેળવવા માટે વેબસાઈટ www.jau.in ઉપરથી માહિતી મળી જશે.

● ઊંચા ભાવ આપી યુનિવર્સીટી સિવાયની જાતો લેવાનું ટાળજો. રૂબરૂ અનુભવ થયો હોય પછી જ વિશ્વાસ કરવો.

**જમીનની તૈયારીઃ**

● જમીનના નીચલાં થરમાંથી નીંદણના બીજ ઉપરની સપાટીમાં આવે છે, જયાં પક્ષીઓ કે જીવાતો દ્વારા તેનું ભક્ષણ થાય છે, ઉગાવો થયા બાદ દ્વિતીય ખેડથી તેનો નાશ કરવામાં આવે છે, અને પાકના અવશેષો તથા સેન્દ્રીય ખાતરો જમીનમાં ભળવાથી તેનું કોહવાણ થતાં નીંદણોને નુકસાનકારક રસાયણો છૂટાં પડતાં નીંદણના બીજનો ઉગાવો અટકાવે અથવા તેની વૃદ્ધિ અવરોધે છે.

● જયારે ગૌણ ખેડનો મુખ્ય હેતુ ઉગેલાં નીંદણોને નાશ કરવાનો હોય છે.

● નિંદાણનાં કારણે અનિયંત્રિત નીંદણોથી પાક ઉત્પાદનમાં ૩૪.૩ થી ૮૯.૮% ઘટાડો થાય છે. ડાંગરમાં ૩૦-૩૫%, ઘઉંમાં ૧૫-૩૦%, મકાઈ, જુવાર, કઠોળ, તેલીબિયામાં ૧૮-૮૫%, શેરડીમાં ૩૮.૮%, કપાસમાં ૪૭.૫% અને ડુંગળીમાં ૯૦.૭%. કોઈપણ ખેડનો પ્રાથમિક હેતુ નીંદણ નિયંત્રણ હોય છે. જો કે સેન્દ્રીય ખાતરો તથા પાક અવશેષો જમીનમાં ભેળવવા, જમીન પોચી અને ભરભરી કરવા, જમીનની અંદરનું સખત પડ તોડવા તેમજ ધોરીયા-પાળા બનાવવા માટે પણ ખેડ કરવામાં આવે છે.

● પાકના વાવેતર પહેલાં કરવામાં આવતી ખેડના બે પ્રકાર છેઃ પ્રાથમિક ખેડ અને ગૌણ ખેડ. પ્રાથમિક ખેડ જમીનની ઉથલ-પાથલ કરતાં હળ કે ચવડાથી કરવામાં આવે છે.

જયારે ગૌણ ખેડ હળવા કરબ-કરબડીથી કરવામાં આવે છે.

● પ્રાથમિક ખેડથી હયાત નીંદણો અને નીંદણના બીજ જમીનમાં દટાઈ જાય છે, મગફળી અને મગમાં તડતડીયા, મોલો, થ્રીપ્સ, મોલોની વસ્તી જાણવા પીળા ચીકણા ટ્રેપ ગોઠવવા.

● દર અઠવાડિયે જીવાતોનું સર્વેક્ષણ કરવું.





● ઉપદ્રવની શરૂઆતમાં લીમડાની લીંબોળીની મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ (ટકા ૫ અર્ક) અથવા લીમડા આધારિત સાંજના સમયે છંટકાવ કરવો.

● વધુ ઉપદ્રવ જણાય તો ઈમીડાકલોપ્રી અથવા ડાયમીથીએટનો છંટકાવ કરવો.

**કઠોળ :**

● અડદનાં પાનના ટપકાના રોગના અસરકારક અને અર્થક્ષમ નિયંત્રણ માટે રોગની શરૂઆતમાં હેક્ઝાકોનાઝોલ ૦.૦૦ ૫ % (૧૦ લિટર પાણીમાં ૧૦ મિ.લિ.) ના ત્રણ છંટકાવ ૧૫ દિવસના અંતરે કરવા.

**મગઃ**

● મગના ભૂકીછારા રોગના અસરકારક અને અર્થક્ષમ નિયંત્રણ માટે કોર્બન્ડાઝીમ ૦.૦૨૫ % અથવા હેક્ઝાકોનાઝોલ ૦.૦૦૫ % અથવા દ્રાવ્ય ગંધક ૦.૨ % અથવા સેન્દ્રીય ખેતી માટે લીમડાનાં મીંજનું દ્રાવણ ૫ % મિશ્ર કરી રોગની શરૂઆત થાય કે તુરંત પંદર દિવસના અંતરે ત્રણ છંટકાવ કરવા.

**શેરડીઃ** શેરડીમાં જૈવિક નિયંત્રણ માટે

● સફેદ માખીના ઈંડા તેમજ બચ્ચાંને ખાનારા દાળીયા કિટકો જેવા કે સેરેન્જીયમ પારસેસીટોઝમ, મેનોચીલસ સેકસમેકયુલેટસ, બુમોઈડસ સુચુરાલીસ પરભક્ષી કરોળીયા તથા કેટલીકવાર ક્રાયસોપા પણ જોવા મળે છે. ત્યારે દવાનો છંટકાવ મુલ્તવી રાખવો જોઈએ.

ડાયફા એફીડીવોરા, માઈક્રોમોસ ઈગોરોટસ તથા સીરફીડ ફ્લાય જેવા પરભક્ષી શેરડીની વ્હાઈટ વુલી એફીડ ઉપર ખુબજ અસરકારક માલુમ પડેલ છે.

**મશરૂમઃ** દક્ષિણ ગુજરાતમાં મશરૂમ ઉત્પાદકોને ઢીંગરી મશરૂમ (પ્લુરોટસ સજોર-કાજુ)નાં વધુ ઉત્પાદન માટે ઘઉં અને ડાંગરના પરાળનો ઉપયોગ કરવો.

**શાકભાજીઃ**

● મધ્યમ કાળી ચુનાયુક્ત જમીનમાં ટામેટાનું વાવેતર કરતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે, ટમેટાના પાકમાં ભલામણ કરેલ રાસાયણિક ખાતર ઉપરાંત માઈક્રોન્યુટ્રીયન્ટ ગ્રેડ ૪ નો છંટકાવ કરવો.

● ઉનાળુ ઋતુમાં પાકોને ચાસ પધ્ધતિથી વાવેતર કરી શરૂઆતના પિયત ફક્ત ચાસમાં આપવાથી બે ચાસ વચ્ચેની જગ્યા સૂકી રહેતી હોઈ નીંદણોનો ઉગાવો થતો નથી.

● ભીંડા માટે ગુજરાત ભીંડા-૨, ગુજરાત આણંદ ભીંડા-૫, વર્ષા ઉપહાર, પુસા મખમલી, ગુજરાત જૂનાગઢ ભીંડા-૩, ગુજરાત જૂનાગઢ ભીંડા સંકર-૨, ગુજરાત જૂનાગઢ ભીંડા સંકર-૩ નું વાવેતર કરવું.

**લસણ-ડુંગળીઃ**

● ડુંગળીની સંગ્રહશક્તિ વધારવા માટે કાપણી અગાઉ ૧૫ દિવસે મેલીક હાઈડ્રોકસાઈડ ૧૦ લિટર પાણીમાં ૫ ગ્રામ ભેળવી છંટકાવ કરવો.

**બાગાયતઃ**

આંબામાં મધીયો અને થ્રીપ્સના નિયંત્રણના પગલા

● ૧. થાયામીથોક્ઝામ ૨૫ ડબ્લ્યુ.જી.- ૦.૧ ગ્રામ/લિટર

● ૨. ડાયમીથોએટ ૩૦ ઈ.સી.- ૧.૫-૨.૦ મિ.લિ./લિટર

● ૩. કાર્બોસ્લ્ફાન ૨૫ ઈ.સી.- ૧.૫-૨.૦ મિ.લિ./લિટર

● ૪. ઈમિડાક્લોપ્રીડ ૧૭.૮ એસ.એલ.- ૦.૪ મિ.લિ./લિટર

● ૫. ટોલફેનપાયરેડ ૧૫ ઈ.સી.- ૨.૦ મિ.લિ./લિટર

● ૬. સ્પાયરોટેટ્રામેટ ૧૧.૦૧ ઈમિડાક્લોપ્રીડ ૧૧.૦૧ એસ.સી.- ૦.૭૫ મિ.લિ./લિટર

જૈવિક ખેતી કરતા ખેડૂતો આંબામાં મધીયા તેમજ થ્રીપ્સના નિયંત્રણ માટે નીચે મુજબની જૈવિક જંતુનાશક દવાઓનો ઉપયોગ કરી શકે.

● ૧. બ્યુવેરીયા બેસીયાના ૧.૧૫ ડબ્લ્યુ.પી. ૫ ગ્રામ/લિટર

● ૨. મેટારીઝીયમ એનીસોપ્લી ૧.૧૫ ડબ્લ્યુ.પી. ૫ ગ્રામ/લિટર

**આંબામાં ભૂકીછારાના નિયંત્રણના પગલા**

● ૧. કાર્બેનડેન્ઝીમ

● ૨. કોપર ઓક્સીક્લોરાઇડ

● ૩. ડાયનોકેપ

● ૪. હેક્સાકોનાઝોલ

● ૫. સલ્ફર ૮૦%

● ૬. ટેટ્રાકોનાઝોલ

● ૭. કાર્બેન્ડાઝીમ ૧૨% મેક્રોઝેબ



**કેળઃ**

● કેળના પાકમાં માતૃ છોડની આજુબાજુના પીલા નિયમિત કાઢતા રહેવું.

● જરૂરીયાત મુજબ ૪ થી ૫ દિવસે પિયત આપવું

● કેળના સારા વિકાસ માટે ફળો બેસી ગયા બાદ પૂષ્પ વિન્યાસ ખેરી નાખવો.

● કેળની લુમને ઢાંકવા માટે સુકા પાન અથવા કંતાનથી લુમને ઢાંકવી.

**પશુપાલનઃ**

● પશુ સંવર્ધનથી માદા પશુઓમાં ગર્ભપાતનું પ્રમાણ અટકે છે. પશુઓમાં તંદુરસ્ત-વિકસિત બચ્ચાંનો જન્મ થાય છે જેને કારણે બચ્ચાંમાં મરણ પ્રમાણનો દર નોંધપાત્ર રીતે ઘટે છે. માદા પશુઓમાં મેલી સમયસર (૮ થી ૧૨ કલાકમાં) પડી જાય છે. માદા પશુઓમાં દૂધાળા દિવસો લાંબા સમય સુધી જળવાઈ રહે છે. માદા પશુઓ સમયસર (૯૦ દિવસે) વેતરે આવે છે અને ફળી જાય છે.

● વિયાણ પછીના રોગો જેવા કે સુવા રોગ(મીલ્ક ફીવર), કિટોસીસ વિગેરે અને ચયાપચયના રોગો ઓછા પ્રમાણમાં જોવા મળે છે. પશુપાલકને પશુ સારવારનો ખર્ચ ઘટે છે અને દૂધ ઉત્પાદન-ઉત્પાદકતા વધે છે.

● ૪-૬ માસના બચ્ચાઓને ધીરે – ધીરે અન્ય ખોરાક તરફ વાળી દૂધનું પ્રમાણ ઓછું કરવું.

● ત્રણ માસથી વધુ ગર્ભકાળવાળી માદાઓમાં યોનિભ્રંશ થતો હોય તો દર ૧૫ – ૩૦ દિવસના અંતરે ઠંડકના ઈન્જેકશન અપાવવાની શરૂઆત કરવી જે વિયાણના એક માસ બાકી હોય ત્યારે બંધ કરવા.

# પંચગવ્ય અને ખેતીમાં તેની ઉપયોગીતા

ડો. રિશી કે કાલરીયા,
અસ્પી શકીલમ બાયોટેનોલોજી ઇન્સ્ટિટ્યૂટ,
નવસારી કૃષિ યુનિવર્સિટી, સુરત
ડો વિપુલકુમાર સી.ગઢીયા, એગ્રીકલ્ચર કોલેજ,
જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, મોટા ભંડારીયા, અમરેલી

કૃષિ પાકોમાં રોગ થવા માટે રોગપ્રેરક, રોગગ્રાહ્ય પાક અને રોગ થવા માટે અનુકૂળ હવામાન આ ત્રણેય સુમેળ ભાગ ભજવે છે. દિવસે ને દિવસે વધતા જતા રાસાયણિક ખાતરોના વપરાશને લીધે જમીનના સ્વાસ્થ્ય પર ખુબ જ માઠી અસર થઈ છે. જમીનમાં એસિડિક ક્ષારોનું પ્રમાણ વધી રહ્યુ છે. સૂક્ષ્મ તત્વોની ઉણપ સર્જાવા માંડી છે. આના લીધે રાસાયણિક ખાતરોનો લઘુત્તમ અને કુદરતી ખાતરોનો મહત્તમ ઉપયોગ કરવો જોઈએ. સેન્દ્રિય ખાતરો જમીનનું સ્વાસ્થ્ય અને ફળદ્રુપતામાં વધારો થાય છે. જમીનના પીએચ આંકને તટસ્થ બનાવે છે. જમીન તથા વાતાવરણમાં થતાં પ્રદૂષણને અટકાવે છે. આવુ જ એક બહુ-ઉપયોગી કુદરતી ખાતર જેનુ નામ છે પંચગવ્ય જે સજીવ ખેતીમાં પોતાનુ આગવુ સ્થાન ધરાવે છે. સંસ્કૃત શબ્દ પંચગવ્યનો અર્થ "ગાયના પાંચ ઘટકોનું મિશ્રણ" છે. પંચગવ્ય એ એક સેન્દ્રિય બનાવટ છે. જે છોડની વૃદ્ધિ અને વિકાસમાં અગત્યનો ભાગ ભજવે છે.



**પંચગવ્ય બનાવવાની રીતઃ**

પંચગવ્યમાં મુખ્યત્વે પાંચ ઘટકો (ગાયનું છાણ, ગૌમૂત્ર, ગાયનું દૂધ, ગાયનું દહીં અને ગાયનું ઘી) હોય છે. પરંતુ અહીયા નવ ઘટકો જેવા કે ગાયનું છાણ, ગૌમૂત્ર, ગાયનું દૂધ, ગાયનું દહીં, ગાયનું ઘી, પાકેલા કેળા, નાળીયેરનું પાણી, શેરડીનો રસ અથવા ગોળ, અને પાણીનું યોગ્ય મિશ્રણ કરીને પંચગવ્ય બનાવાની રીત છે અને તેનો ઉપયોગ એક બળવાન જૈવિક જંતુનાશક, ખાતર અને વૃદ્ધિ વર્ધક તરીકે થાય છે.

● પ્રથમ ગાયનું છાણ ૭ કિ.ગ્રા. અને ગાયનું ઘી ૧ કિ.ગ્રા. લેવું, આ બંનેનું મિશ્રણ કરી ત્રણ દિવસ સુધી રાખવું. સવારે અને સાંજે નિયમિત હલાવતા રહેવું.

● ત્રણ દિવસ પછી ૧૦ લિટર પાણીમાં ગૌમૂત્ર ૧૦ લિટર ભેળવવું અને તેને ૧૫ દિવસ રાખવું. સવારે અને સાંજે નિયમિત રીતે હલાવતા રહેવું.

● પંદર દિવસ પછી તેમાં ગાયનું દૂધ ૩ લિટર, ગાયના દૂધનું દહીં ૨ લિટર, લીલા નાળિયેરનું પાણી ૩ લિટર, ગોળ ૫૦૦ ગ્રામ અથવા ૩ લિટર શેરડીનો રસ અને સારા પાકેલાં કેળા ૧૨ નંગ ઉમેરવા. આ મિશ્રણને સાત દિવસ સુધી રાખવું. સવારે અને સાંજે નિયમિત હલાવતા રહેવું.

ઉપરોક્ત પદાર્થો મોટા મોઢાવાળા માટીના વાસણમાં અથવા સિમેન્ટની ટાંકી અથવા પ્લાસ્ટિકની ટાંકીમાં રાખવા અને તેને છાંયડામાં ખુલ્લુ રાખવું. આ મિશ્રણ દિવસમાં બે વખત સવારે અને સાંજે બરાબર હલાવતા રહેવું. પંચગવ્યનું મિશ્રણ ૨૫ દિવસે તૈયાર થઈ જાય છે. ટાંકીને છાંયડામાં રાખવી અને તેનું મોઢું તારની જાળી અથવા મચ્છર જાળીથી બાંધવું જેથી તેમાં ઘરમાખી ઈંડા ન મૂકે.

**પંચગવ્યનો વપરાશઃ**

૧. છંટકાવની રીતઃ સામાન્ય રીતે પંચગવ્યના ૩% પ્રમાણનો (૧૦૦ લિટર પાણીમાં ૩ લિટર પંચગવ્ય ઉમેરવું) છોડના પાંદડા પર છંટકાવ કરવો. બધા પાક માટે ત્રણ ટકાનું પ્રમાણ ઉપયોગી છે. પંદર લિટર ક્ષમતા વાળા પંપમાં ૪૫૦ મિ.લિ. પંચગવ્ય/પંપની જરૂર પડે છે. બેટરીવાળા પંપમાં આ દ્રાવણનો ઉપયોગ ગળણીમાં ગાળીને કરવો અને હાથ સંચાલિત પંપમાં મોટા છિદ્રોવાળી નોઝલનો ઉપયોગ કરવો.

૨. પિયત સાથે ઉપયોગ કરવાની રીતઃ પિયત સાથે પંચગવ્યનો ઉપયોગ કરવા માટે તેનું પ્રમાણ હેકટર દીઠ ૫૦ લિટર પંચગવ્યનો ટપક પદ્ધતિથી અથવા ક્યારા પદ્ધતિથી પાણી સાથે મિશ્ર કરી ઉપયોગ કરવો.

૩. બીજ માવજત આપવીઃ પંચગવ્યના ત્રણ ટકાનું દ્રાવણ બનાવી તેમાં બીજ અથવા વાવેતર પહેલાં ધરુને ડુબાડવામાં આવે છે. તેને ૨૦ મિનિટ માટે ડુબાળી રાખવામાં આવે છે. હળદર, આદુના ભૂપ્રકાંડ અને શેરડીની કાતરીઓ વાવેતર પહેલાં ૩૦ મિનિટ માટે ડુબાડવામાં આવે છે.

૪. બીજ સંગ્રહ માટે ઉપયોગ : લણણી કરેલા બીજને સૂકવણી પહેલા ૩% પંચગવ્યના દ્રાવણમાં ડૂબાડી ત્યાર બાદ તેનો સંગ્રહ કરવો.

સામાન્ય સંજોગોમાં પંચગવ્યનો છંટકાવ નીચે મુજબ કરવો જોઈએ.

● ફૂલ બેસતા પહેલાં એક છંટકાવ

● પાકના જીવનકાળ અનુસાર બે છંટકાવ

● ફૂલ અને ફળ/શીંગો આવવાના સમયે એક છંટકાવ

● પાકવાના સમયે એક છંટકાવ

**પંચગવ્યની છોડ પર થતી અસરોઃ**

પાન (પર્ણ) : પંચગવ્યનો છંટકાવ કરવાથી પાન મોટા તથા પાનની સંખ્યામાં વધારો થાય છે જેને પગલે પ્રકાશસંશ્લેષણની પ્રક્રિયામાં પણ વધારો થાય છે.

થડ : છોડની પ્રાથમિક ડાળી મજબૂત બને છે ને તેમાંથી દ્વિતીય તથા તૃતીય ડાળીઓ વિકાસ પામે છે. તેના ફળ સ્વરૂપે છોડ પર વધારે ફળ અને શીંગોની સંખ્યા વધતા ઉત્પાદનમાં વધારો થાય છે.

મૂળ : પંચગવ્યના છંટકાવથી મૂળ મજબૂત બને છે અને વિકાસ સારો થાય છે. જમીનમાં મૂળ ઉંડે સુધી વિસ્તરે છે જે વધારે પ્રમાણમાં પોષક તત્વોનો ઉપયોગ કરે છે. કઠોળ વર્ગના પાકોમાં આને લીધે જમીનમાં નાઈટ્રોજનનું સ્થિરિકરણ વધે છે.

દુષ્કાળ સહનશક્તિ : પંચગવ્યના છંટકાવથી છોડના પાન તથા થડ ઉપર પાતળુ તૈલી આવરણ થઈ જાય છે જેના કારણે બાષ્પીભવનની ક્રિયામાં ઘટાડો જોવા મળે છે અને પાણીનો વ્યય ઘટે છે.








# ઉનાળુ મગફળીમાં સંકલિત રોગ નિયંત્રણ

એચ.એ.શેખડા, ડો. સી.એમ.ભાલીયા, ડો. ડી.એસ.કેલૈયા અને ડો. જે.આર. તળાવિયા વનસ્પતિ રોગશાસ્ત્ર વિભાગ, જૂનાગઢ







**» અલ્ટરનેરિયા ફુગથી થતો પાનનો સુકારો**

રોગ પ્રેરક અને લક્ષણોઃ આ રોગ અલ્ટરનેરિયા નામની ફુગથી થાય છે. ઉનાળું મગફળીના વાવેતરમાં આ રોગ ખુબ જ મોટા પ્રમાણમાં જોવા મળે છે. આ રોગની શરૂઆતમાં પાનની બંને બાજુએ ભૂખરા રંગના અનિયમિત આકારના ટપકાં પડે છે જેની ફરતે પીળી કિનારી જોવા મળે છે. રોગની ઉગ્રતા વધતા આવા ટપકાં ભેગા થતા પાન સુકાઈને ખરી પડે છે.

**» નિયંત્રણઃ**

આ રોગના નિયંત્રણ માટે મેન્કોઝેબ ૦.૨ ટકા (મેન્કોઝેબ ૭૫ ટકા વે.પા. ૩૫ ગ્રામ) અથવા ક્લોરોથેલોનીલ ૦.૨ ટકા (ક્લોરોથેલોનીલ ૭૫ ટકા વે.પા. ૨૭ ગ્રામ) અથવા પ્રોપીકોનાઝોલ ૦.૦૧ ટકા (પ્રોપીકોનાઝોલ ૨૫ ટકા ઈ.સી. ૧૫ એમએલ) અથવા કોપર ઓકસીક્લોરાઈડ ૦.૨ ટકા (કોપર ઓકસીક્લોરાઈડ ૫૦ ટકા વે.પા. ૪૦ ગ્રામ) ૧૫ લિટર પાણીમાં નાખી રોગના લક્ષણો દેખાય કે તુરત જ છંટકાવ કરવાથી રોગનું પ્રમાણ આગળ વધતું અટકાવી શકાય છે. ત્યારબાદ જરૂર જણાય તો બીજા બે છંટકાવ ૧૦ દિવસનાં અંતરે કરવા. ઉનાળામાં ઊંડી ખેડ કરી, પાકના રોગીષ્ટ અવશેષોનો નાશ કરવો.

**» અફલારૂટ**

લક્ષણોઃ ખેતરમાં ડોડવા પાકવાની અવસ્થામાં હોય ત્યારે તેમજ બીજ ભેજવાળા હોય તો સંગ્રહ દરમ્યાન એસ્પરજીલસ ફ્લેવસનામની ફૂગ બીજમાં દાખલ થઈ જાય છે અને આવા બીજ વાવેતર માટે ઉપયોગમાં લેતા તેમાં અફલારૂટ રોગ જોવા મળે છે. આ રોગમાં રોગીષ્ટ છોડ ઠીંગણો રહી જાય છે. પાન લાંબા અણીવાળા બની જાય છે અને આવા છોડ બે મહિના સુધી જીવંત રહી છેવટે સુકાઈ જાય છે. આ ફૂગને કારણે ઘણીવાર દાણામાં અફલાટોકસીન નામનું ઝેર પેદા થાય છે જેનાથી મનુષ્ય અને પ્રાણીઓમાં હિપેટાઈટસ -"બી" જેવો રોગ થાય છે. આ ઝેરને કારણે આપણી મગફળીનાં દાણાની વિદેશમાં નિકાસ કરી શકાતી નથી.

**» નિયંત્રણઃ**

શકય હોય તો વહેલું વાવેતર અને પાકની ફેરબદલી કરવી. વાવણી વખતે ઈજા પામેલ અને ફૂગવાળા દાણા અલગ કાઢી તંદુરસ્ત બીજ વાવેતર માટે વાપરવું. બીજને ફૂગનાશક દવાનો અગાઉ જણાવ્યા મુજબ પટ આપી વાવેતર કરવું. આંતરખેડ દરમ્યાન છોડને નુકસાન ન થાય તેની કાળજી રાખવી. ટ્રાયકોડર્મા ફૂગ આધારિત પાવડર ૨.૫ કિ.ગ્રા.૩૦૦-૫૦૦ કિ.ગ્રા.એરંડીના ખોળ અથવા છાણીયા ખાતરમાં ભેળવી મગફળી વાવતી વખતે ચાસમાં આપવો. કાપણીની અવસ્થાએ જો જમીનમાં ભેજની ઉણપ હોય તો છેલ્લા ૨૦-૨૫ દિવસ અગાઉ હલકું પિયત આપવું જોઈએ. મગફળીનાં ડોડવા અને દાણામાં ૮ ટકાથી ઓછો ભેજ રહે તે મુજબ સુકવીને ભેજ મુકત જગ્યાએ સંગ્રહ કરવો.





# દર મહિને ૧૦ ટકા તેલ ઓછુ વાપરવાનું નક્કી કરો : મન કી બાતમાં વડાપ્રધાની અપીલ

નવી દિલ્હી,તા.૨૩



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મન કી બાત દ્વારા દેશવાસીઓ સાથે વાતચીત કરી હતી. અત્યાર સુધીમાં મન કી બાતના ૧૧૮ એપિસોડ પ્રસારિત થયા છે. ૨૦૨૫માં મન કી બાતનો આ બીજો એપિસોડ છે. તે રેડિયો અને આકાશવાણીના તમામ ડિજિટલ પ્લેટફોર્મ પર પ્રસારિત થયો હતો. આ મન કી બાતનો ૧૧૯મો એપિસોડ છે જે ૨૩ ફેબ્રુઆરીએ પ્રસારિત થયો હતો. આ વર્ષ ૨૦૨૫નો બીજો એપિસોડ હતો. પીએમ મોદીએ ૧૯ જાન્યુઆરીએ દેશવાસીઓ સાથેના તેમના મન કી બાત કાર્યક્રમમાં કહ્યું કે, 'આજે હું તમને ભારતે અવકાશ વિજ્ઞાનમાં બનાવેલી અદ્ભુત સિદ્ધી વિશે વાત કરીશે. વડાપ્રધાન મોદીએ આ કાર્યક્રમ દરમિયાન કહ્યું કે, એક સ્વસ્થ અને સ્વસ્થ રાષ્ટ્ર બનવા માટે, આપણે સ્થૂળતાની સમસ્યાનો સામનો કરવો પડશે. એક અભ્યાસ મુજબ, આજે દર આઠમાંથી એક વ્યક્તિ સ્થૂળતાની સમસ્યાથી પીડાઈ રહ્યો છે. છેલ્લા કેટલાક વર્ષોમાં સ્થૂળતાના કેસ બમણા થયા છે, પરંતુ તેનાથી પણ વધુ ચિંતાજનક બાબત એ છે કે બાળકોમાં સ્થૂળતાની સમસ્યા પણ ચાર ગણી વધી ગઈ છે. તેથી, તમે દર મહિને ૧૦% ઓછું તેલ વાપરવાનું નક્કી કરો. ખાવા માટે તેલ ખરીદતી વખતે તમે નક્કી કરી શકો છો કે તમે તેમાંથી ૧૦% ઓછું ખરીદશો. સ્થૂળતા ઘટાડવાની દિશામાં આ એક મહત્વપૂર્ણ પગલું ભરવું પડશે. આપણી ખાવાની આદતોમાં નાના ફેરફારો કરીને, આપણે આપણા ભવિષ્યને મજબૂત, સ્વસ્થ અને રોગમુક્ત બનાવી શકીએ છીએ.

# ડોનાલ્ડ ટ્રમ્પની ટેરિફ વોરને કારણે ભારતીય ફાર્મા કંપનીઓ પર સંકટ

મુંબઈ,તા.૨૩



અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ટેરિફ વોર અને આકરી બિઝનેસ નીતિઓથી વિશ્વના અન્ય દેશોમાં ટ્રેડવોરનો ભય પેદા કરી રહ્યા છે. રેસિપ્રોકલ ટેરિફ લાદ્યા બાદ હવે ફાર્મા કંપનીઓ પર તવાઈ લાવવાનો નિર્ણય લીધો છે. તેમણે ફાર્મા કંપનીઓને અમેરિકામાં દવાની આયાત પર લાગુ ઊંચા ટેરિફથી બચવા માટે પોતાના મેન્યુફેક્ચરિંગ યુનિટ અમેરિકામાં શિફ્ટ કરવા સલાહ આપી છે. ટ્રમ્પના આ નિર્ણયથી દેશની કુલ ફાર્મા નિકાસમાં ૩૧ ટકાથી વધુ નિકાસ અમેરિકામાં કરતી ફાર્મા કંપનીઓને મોટું નુકસાન થઈ શકે છે. અમેરિકાના ફાર્મા લીડર્સ દવાની કિંમત નક્કી કરતાં નિયમોને સરળ બનાવવાની માગ કરી રહ્યા છે, એવામાં ભારતીય ફાર્મા કંપનીઓ નિકાસ પર ઊંચા ટેરિફથી બચવા દ્વિપક્ષીય ચર્ચાઓ પર વિશ્વાસ કરી રહી છે. ૨૦૨૩-૨૪માં ભારતે અમેરિકામાં ફાર્મા ક્ષેત્રે ૨૭.૯ અબજ ડોલરની નિકાસ કરી હતી. જે તેની કુલ ફાર્મા નિકાસના ૩૧ ટકા છે. અમેરિકામાં ૫૦ ટકાથી વધુ જેનરિક દવાઓની માગ ભારત પૂરી કરે છે. એવામાં ટ્રમ્પના ટેરિફ ટેન્શન તથા મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ સ્થાપિત કરવાની સલાહ ભારતીય ફાર્મા કંપનીઓ માટે સંકટના વાદળો ઉભા કરી શકે છે. વ્હાઈટ હાઉસની એક બેઠકમાં અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફાઈઝર, એલી લીલી અને મર્કના ટોચના અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી. તેઓએ ટ્રમ્પને દવાની કિંમતોમાં સરકારના હસ્તક્ષેપનો નિયમ પાછો ખેંચવા અપીલ કરી હતી.


# દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી આતિશી વિપક્ષના નેતા તરીકે ચૂંટાયા

નવીદિલ્હી,તા.૨૩

દિલ્હીમાં નવી સરકારની રચના બાદ, સોમવારથી દિલ્હી વિધાનસભાનું સત્ર શરૂ થવા જઈ રહ્યું છે. સત્ર શરૂ થાય તે પહેલાં, આમ આદમી પાર્ટીના ધારાસભ્ય અને ભૂતપૂર્વ મુખ્યમંત્રી આતિશીને વિપક્ષના નેતા તરીકે ચૂંટવામાં આવ્યા છે. આપ નેતા સંજીવ ઝાએ વિપક્ષના નેતાની ભૂમિકા માટે આતિશીનું નામ પ્રસ્તાવિત કર્યું હતું. જેને બધાએ સર્વાનુમતે સ્વીકારી લીધું. હકીકતમાં, AAP એ રવિવારે આગામી વિધાનસભા સત્રના એજન્ડા પર ચર્ચા કરવા માટે ધારાસભ્ય પક્ષની બેઠક બોલાવી હતી. આ બેઠક બપોરે ૧ વાગ્યે AAP મુખ્યાલયમાં શરૂ થઈ હતી. દિલ્હી વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા અંગે નિર્ણય લેવામાં આવ્યો અને આ જવાબદારી આતિશીને સોંપવામાં આવી. તમને જણાવી દઈએ કે દિલ્હી વિધાનસભામાં આવું પહેલીવાર થવા જઈ રહ્યું છે, જ્યારે મહિલાઓ મુખ્યમંત્રી અને વિપક્ષના નેતાની ભૂમિકામાં જોવા મળશે.

# ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા આપવામાં આવેલી માહિતી ચિંતાજનક, સરકાર તપાસ કરી રહી છે : એસ જયશંકર

નવીદિલ્હી,તા.૨૩



હવે યુએસએઆઈડી કેસમાં વિદેશ મંત્રી એસ જયશંકરનું નિવેદન પણ સામે આવ્યું છે. તેમણે કહ્યું કે ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા આપવામાં આવેલી માહિતી ચિંતાજનક છે અને સરકાર તેની તપાસ કરી રહી છે. શ્રી રામ કોલેજ ઓફ કોમર્સ ખાતે આયોજિત ડીયુ સાહિત્ય મહોત્સવ દરમિયાન પ્રધાનમંત્રીની આર્થિક સલાહકાર પરિષદના સભ્ય સંજીવ સાન્યાલ સાથે વાત કરતી વખતે તેમણે આ વાત કહી. સાન્યાલે તેમને યુએસએઆઈડી ના મુદ્દા વિશે પૂછ્યું જે તાજેતરમાં સમાચારમાં છે. જયશંકરે કહ્યું, "મને લાગે છે કે ટ્રમ્પ વહીવટીતંત્રના લોકો દ્વારા કેટલીક માહિતી બહાર પાડવામાં આવી છે, અને દેખીતી રીતે તે ચિંતાજનક છે. આ દર્શાવે છે કે એવી પ્રવૃત્તિઓ છે જેનો ચોક્કસ હેતુ કોઈ પ્રવચન અથવા દૃષ્ટિકોણને પ્રોત્સાહન આપવાનો હોય છે. સરકાર તરીકે, અમે તેની તપાસ કરી રહ્યા છીએ કારણ કે આવી સંસ્થાઓની માહિતી પૂરી પાડવાની જવાબદારી છે." તેમણે કહ્યું, "મને વિશ્વાસ છે કે હકીકતો બહાર આવશે." વિદેશ મંત્રીએ કહ્યું, "મેં વાંચ્યું, ફલાણા વ્યક્તિએ યુએસએઆઈડી સાથે કામ કર્યું. જુઓ, પ્રશ્ન એ નથી કે તમે યુએસએઆઈડી સાથે કામ કર્યું કે નહીં, યુએસએઆઈડીને પરવાનગી આપવામાં આવી હતી. આ પેટર્ન ઐતિહાસિક રીતે અહીં કાર્યરત રહી છે."

# દિલ્હીમાં ધોળા દિવસે શો-રૂમમાં ૫૦ લાખના દાગીનાની થઈ ચોરી

નવીદિલ્હી,તા.૨૩

કરાવલ નગરમાં માસ્ક પહેરેલા છ બદમાશો ધોળા દિવસે એક જ્વેલરી શોરૂમમાં ઘૂસી ગયા હતા. હથિયારોના જોરે, બદમાશોએ ઝવેરી અને તેના કર્મચારીને બંધક બનાવ્યા અને કબાટ અને પ્રદર્શનમાં રાખેલા સોના-ચાંદીના દાગીના લૂંટી લીધા. આ ઉપરાંત ૫૦ હજાર રૂપિયા, ત્રણ મોબાઈલ, લેપટોપ અને અન્ય વસ્તુઓ લૂંટી લેવામાં આવી હતી. પીડિતાએ પોલીસને ૫૦ લાખ રૂપિયાના દાગીનાની લૂંટની જાણ કરી છે. સીસીટીવી ફૂટેજમાં ગુનેગારો બે બાઈક પર ભાગતા જોવા મળે છે. જિલ્લા પોલીસ નાયબ કમિશનર આશિષ મિશ્રાએ જણાવ્યું હતું કે પ્રહલાદ માર્કેટ સ્થિત મહિન્દ્રા જ્વેલર્સ ખાતે શનિવારે બપોરે ૧:૫૬ વાગ્યે લૂંટની માહિતી મળી હતી. પોલીસને ફરિયાદી હની વર્મા (૩૩) ઘટનાસ્થળે મળી આવી. શાહદરાના રહેવાસી હનીએ જણાવ્યું કે પહેલા બપોરે માસ્ક પહેરેલો એક બદમાશ અંદર ઘૂસ્યો. તે પછી પાંચ વધુ ગુનેગારો અંદર આવ્યા.

# બરેલીમાં હોળીના તહેવારની ઉજવણી કરી રહેલા લોકોને મારી નાખવાની ધમકી


(એચ.એસ.એલ),બરેલી,તા.૨૩



ઉત્તર પ્રદેશના બરેલીમાં હિન્દુ સમુદાયના લોકો પર જીવલેણ હુમલાનો મામલો સામે આવ્યો છે. અહીં હિન્દુ સમુદાયના કેટલાક લોકો હોળીના કાર્યક્રમનું આયોજન કરી રહ્યા હતા ત્યારે આ દરમિયાન અન્ય સમુદાયના લોકોએ તેમના પર ભારે હુમલો કર્યો હતો. આ દરમિયાન તેમણે જાનથી મારી નાખવાની ધમકી પણ આપી છે. ઉત્તર પ્રદેશના બરેલી જિલ્લાના બારાદરી પોલીસ સ્ટેશન વિસ્તારના હાજિયાપુર વિસ્તારમાં હોળીની ઉજવણીનું આયોજન કરી રહેલા લોકો પર અન્ય સમુદાયના યુવાનોએ હુમલો કર્યો હતો. આ ઘટના બાદ વિસ્તારમાં તંગદિલીનો માહોલ સર્જાયો હતો. મામલાને ગંભીરતાથી લઈને પોલીસે ૬ આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે. હિન્દુ સમુદાયના લોકોએ આરોપ લગાવ્યો છે કે હોળીની ઉજવણી પર લાશોનો ઢગલો કરી દેવાની ધમકી આપવામાં આવી છે. બારાદરી પોલીસ સ્ટેશન વિસ્તારના હાજિયાપુર, જોગી નવાડા અને ચકમહમૂદ વિસ્તારમાં મિશ્ર વસ્તી હોવાથી અતિ સંવેદનશીલ વિસ્તાર ગણવામાં આવે છે.

# રશિયાના રક્ષા મંત્રીએ સૈનિકોને હાઈ એલર્ટ કરતા ત્રીજા વિશ્વયુદ્ધના ભણકારા

(એચ.એસ.એલ),મોસ્કો,તા.૨૩



રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધ વચ્ચે રશિયાએ પોતાના સૈનિકોને હાઈ એલર્ટ પર રહેવાની ચેતવણી આપી છે. આ વિશે રશિયન આર્મી ચીફે એક પાવરફુલ ભાષણ આપ્યું અને કહ્યું કે આ ડબ્લ્યુડબ્લ્યુ૩ માટે નિર્ણાયક ક્ષણ છે. તમને જણાવી દઈએ કે હવાઈ સુરક્ષા સક્રિય થયા બાદ ક્રેમલિન ડ્રોને આ અઠવાડિયે કિવ પર હુમલો કર્યો અને શહેરમાં વિસ્ફોટ થયા. આ સિવાય રશિયાએ યુક્રેનના શહેર ખેરસન પર બોમ્બમારો કર્યો હતો. જેના કારણે અનેક લોકો કાટમાળ નીચે દટાયા હતા.

રશિયાના રક્ષા મંત્રી આન્દ્રે બેલોસોવે એક સમારોહ દરમિયાન કહ્યું કે આજે, સામૂહિક પશ્ચિમ સાથેના સંઘર્ષમાં રશિયા માટે નિર્ણાયક ક્ષણ આવી ગઈ છે. આપણા મહાન દેશનું ભાવિ હવે દરેક વ્યક્તિ, દરેક સૈનિક અને અધિકારીની ક્રિયાઓ પર નિર્ભર છે. અમે તમારામાં અને સૌથી મુશ્કેલ કાર્યોને હલ કરવાની તમારી તૈયારીમાં વિશ્વાસ કરીએ છીએ. જો કે, બેલોસોવે આ નિર્ણાયક ક્ષણ વિશે વિગતવાર વાત કરી ન હતી.

# ઘાંટવડની શિંગોડા નદીમાં ત્રીસ મહાકાય મગરનો જમાવડો

ગીર સોમનાથ,તા.૨૩



તસવીર : કૈલાશ ભટ્ટ

ઘાંટવડ ગામની શિંગોડા નદીમાં અત્યારે મગરોનો જમાવડો જામ્યો છે. નદીમાં આશરે ત્રીસ જેટલા મહાકાય મગર એક સાથે જોવા મળતાં આ વિસ્તારમાં લોકોનું ધ્યાન ખેંચાયું છે. તાજેતરમાં એક સાથે નવ મગર નદીમાં દેખા દેતાં ગ્રામજનો આ અદ્ભુત દૃશ્ય જોવા ઊમટી પડ્યા હતા. જોકે, આ વિસ્તારમાં મગરોની વધતી જતી વસ્તી માનવજીવન માટે જોખમરૂપ બની રહી હોવાની ચિંતા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે. સ્થાનિકો અનુસાર, નદીમાં મગરોની સંખ્યામાં થયેલો આ નોંધપાત્ર વધારો ચિંતાજનક છે.

# પેરુમાં શોપિંગ મોલની છત ધરાશાયી થતા ૬ લોકોના મોત, ૭૮ ઘાયલ

(એચ.એસ.એલ),લીમા,તા.૨૩

પેરુમાં એક શોપિંગ મોલમાં ફૂડ કોર્ટની છત ધરાશાયી થતાં ૭ લોકોના મોત થયા છે અને ઓછામાં ઓછા ૭૮ લોકો ઘાયલ થયા છે. દેશના સંરક્ષણ પ્રધાને આ અકસ્માત અંગે માહિતી આપી છે. ફૂડ કોર્ટ એ મોલમાં એક એવી જગ્યા છે જ્યાં વિવિધ રેસ્ટોરાં અને ખાણીપીણીની દુકાનો આવેલી છે. ધરાશાયી થયેલી છતનો વિસ્તાર ૭૦૦ થી ૮૦૦ ચોરસ મીટર હતો. ટ્રૂજિલો શહેરમાં સ્થિત 'રીઅલ પ્લાઝા ટ્રૂજિલો' શોપિંગ મોલમાં હાજર લોકો પર લોખંડની ભારે છત પડતાં આ અકસ્માત થયો હતો. સંરક્ષણ પ્રધાન વોલ્ટર એસ્ટુડિલોએ પત્રકારોને જણાવ્યું હતું કે સ્થાનિક અગ્નિશામકોએ આપેલી માહિતી અનુસાર, ઈમારત ધરાશાયી થયા બાદ પાંચ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા અને અન્ય એક વ્યક્તિનું હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું.

# કોડીનારની દીકરીઓએ રચ્યો ઈતિહાસ! ખેલ મહાકુંભમાં રસ્સાખેંચ સ્પર્ધામાં સૌરાષ્ટ્ર ઝોનમાં પ્રથમ સ્થાન

કોડીનાર,તા.૨૩




તસવીર : ધર્મેશ પાઠક

ગુજરાત સરકાર આયોજિત ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત વેરાવળ ખાતે યોજાયેલી સૌરાષ્ટ્ર ઝોન કક્ષાની ઓપન કેટેગરી બહેનોની રસ્સાખેંચ સ્પર્ધામાં કોડીનાર નગરપાલિકા સંચાલિત મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલની વિદ્યાર્થિનીઓએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ સફળતા સાથે શાળાની દીકરીઓએ કોડીનાર નગર અને શાળા પરિવારનું ગૌરવ વધાર્યું છે. વિજેતા ટીમના કોચ રણજીતભાઈ રાઠોડ અને મેનેજર જગમાલભાઈ જાદવના માર્ગદર્શન હેઠળ ટીમે આ નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. શાળા પરિવાર દ્વારા આ ઉત્કૃષ્ટ દેખાવ બદલ ટીમના કોચ, મેનેજર અને તમામ ખેલાડીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# કોડીનારનાં પેઢાવાડા માધ્યમિક શાળામાં વાર્ષિક ઉત્સવની ધામધૂમથી ઉજવણી

**શાળાના રિનોવેશનમાં સહયોગ આપનાર દાતાઓ અને તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરાયું**

કોડીનાર,તા.૨૩




તસવીર : ધર્મેશ પાઠક


કોડીનારના પેઢાવાડા માધ્યમિક શાળાના પટાંગણમાં વાર્ષિક ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. શાળાના રિનોવેશનમાં આર્થિક સહયોગ આપનાર દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું, અને શાળાનું નામ રોશન કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે શાળાને મળેલા સન્માનો અને તેની પ્રગતિ વિશે વાત કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં શિક્ષણ સમિતિના ચેરમેન પ્રકાશભાઈ ટાંક, જિલ્લા શિક્ષણ અધિકારી બોરીચા, તાલુકા શિક્ષણ અધિકારી, ટ્રસ્ટના મંત્રી કનકસિંહ બારડ, બી.આર.સી., વજુભાઈ જાદવ, જીતુભાઈ દાહિમા, જે.એસ. પરમાર, પ્રિન્સિપાલ પ્રો. બી.એ. બારડ, ભૂતપૂર્વ આચાર્ય અને આચાર્ય રામસિંગભાઈ બારડ, તેમજ મોટી સંખ્યામાં વડીલો અને બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

# કોડીનારના નવવાવ વાડી વિસ્તારમાં ખુંખાર દીપડો પાંજરે પુરાતા હાશકારો

**દીપડો પાંજરે પુરાતા સ્થાનિક રહેવાસીઓએ રાહતનો શ્વાસ લીધો**

કોડીનાર,તા.૨૩



કોડીનાર શહેરના ગોહિલની ખાણ રોડ પર આવેલ નવવાવ વાડી વિસ્તારમાં રહેણાંકી વસાહત પાસે વારંવાર દીપડો દેખાતા સ્થાનિક વિજયસિંહ જાદવે વન વિભાગને જાણ કરી હતી. જેને પગલે વન વિભાગે અહીં પાંજરું ગોઠવ્યું હતું. ૨૪ કલાકની ભારે જહેમત બાદ વિજયસિંના ફાર્મ પરથી વહેલી સવારે એક ખુંખાર દીપડો ઉંમર અંદાજે ૪ થી ૫ વર્ષનો પાંજરે પુરાયો હતો. દીપડાને વન વિભાગના જામવાળા એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડાયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, હજુ પણ આ વિસ્તારમાં એક થી બે દીપડા હોવાનું સ્થાનિકો કહે છે અને વારંવાર કૂતરા અને પાલતું પ્રાણીઓના શિકાર માટે દીપડા આવે છે ત્યારે વન વિભાગ ફરી પાંજરું ગોઠવે તેવી માંગણી ઊઠી છે.

# રાજ્યમાં ૩૫ સ્થળોએ આઈટીનું મેગા ઓપરેશન, ૧૭૦ કરોડના બેનામી વ્યવહાર ઝડપાયા

અમદાવાદ,તા.૨૩




અમદાવાદ, ભાવનગર અને નડિયાદમાં આવકવેરા વિભાગે સપાટો બોલાવ્યો છે, રણછોડદાસ ધોળકિયા ગ્રુપ સહિતના ઉદ્યોગપતિઓના ૩૫ સ્થળોએ દરોડા પાડ્યા, ૧૭૦ કરોડના બેનામી વ્યવહારો અને ૯ કરોડની મત્તા જપ્ત કરવામાં આવી છે. આવકવેરા વિભાગે અમદાવાદ, ભાવનગર અને નડિયાદમાં એક સાથે દરોડા પાડીને ઉદ્યોગપતિઓને ચોંકાવી દીધા હતા. રણછોડદાસ ધોળકિયા ગ્રુપ સહિતના જાણીતા ઉદ્યોગપતિઓના ૩૫ જેટલા સ્થળો પર આવકવેરા વિભાગે તવાઈ બોલાવી હતી. આ દરોડા દરમિયાન ચોંકાવનારા ખુલાસાઓ સામે આવ્યા છે. આવકવેરા વિભાગે ત્રણેય શહેરોમાં એકસાથે દરોડા પાડીને મોટા પાયે કાર્યવાહી હાથ ધરી હતી. આવકવેરા વિભાગને મળેલી ગુપ્ત માહિતીના આધારે આ દરોડાનું આયોજન કરવામાં આવ્યું હતું. દરોડા દરમિયાન ૧૭૦ કરોડ રૂપિયાથી વધુના બેનામી વ્યવહારોનો પર્દાફાશ થયો છે. આવકવેરા વિભાગે દરોડા દરમિયાન ૯ કરોડ રૂપિયાની રોકડ રકમ અને દાગીના જપ્ત કર્યા છે. દરોડા દરમિયાન ૨૦ જેટલા પ્રાઈવેટ લોકર્સ પણ મળી આવ્યા હતા, જેમાંથી ૯ લોકર્સને હજુ સીલ કરવામાં આવ્યા છે અને તેની તપાસ ચાલુ છે. આવકવેરા વિભાગે સ્થળ પરથી મળેલા દસ્તાવેજો અને ડિજિટલ પુરાવાઓની ઝીણવટભરી તપાસ હાથ ધરી છે. આ દરોડામાં અનેક મહત્ત્વના પુરાવા મળ્યા છે અને આ મામલે વધુ તપાસ ચાલુ છે. આવકવેરા વિભાગની આ કાર્યવાહીથી કાળા નાણાં રાખનારાઓમાં ફફડાટ ફેલાયો છે.

# પાયલ હોસ્પિટલ કેસમાં મોટી સફળતા, સીસીટીવી વાયરલ કરનાર ૨ હેકર્સ સહિત ત્રણની ધરપકડ

(એચ.એસ.એલ),રાજકોટ,તા.૨૩

રાજકોટની પાયલ હોસ્પિટલના સગર્ભા મહિલાઓના ચેકઅપના ફૂટેજ વાયરલ થવા મુદ્દે નોટિસ પાઠવવામાં આવી હતી જેમાં પોલીસ દ્વારા એક પછી એક પગલાં લેવાઈ રહ્યા છે. આ અંતર્ગત સાયબર ક્રાઈમે ૩ આરોપીઓની ધરપકડ કરી છે. આ ૩ આરોપીઓમાંથી ૨ મહારાષ્ટ્રના છે અને ૧ સુરતનો રહેવાસી છે. પાયલ મેટરનિટી હોસ્પિટલમાંથી સ્ત્રીઓના ચેકઅપના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં આખો મામલો સામે આવ્યો હતો. આ અંગે હોસ્પિટલ સામે નોટિસ પાઠવીને




કડક કાર્યવાહી અંગેની સૂચના અપાઈ છે તે વચ્ચે આ કેસમાં CCTV ફૂટેજને લીક કરનાર ૩ આરોપીઓની સાઈબર ક્રાઈમે અટકાયત કરી છે. જાણવા મળતી માહિતી મુજબ આ ૩ માંથી ૨ આરોપી હેકર્સ છે અને આ ઘણા સમયથી ચાલતું હોવાનું સામે આવ્યું છે. આ ૩ આરોપી પૈકીના ૨ મહારાષ્ટ્ર અને ૧ સુરતનો છે. રાજકોટની પાયલ મેટરનિટી હોસ્પિટલમાં ચેકઅપના રૂમમાં રહેલા સીસીટીવી કેમેરાના ફૂટેજને ટેલિગ્રામ પર વેચવામાં આવતા હતા. પ્રાપ્ત માહિતી મુજબ આ ભાવ ૧૦૦૦-૧૫૦૦ આસપાસનો હતો અને મેઘા MBBS નામની યુટ્યુબ ચેનલ પર પણ પોસ્ટ કરવામાં આવ્યા હતા. સમગ્ર મામલો વાયરલ થતાં સામે આવ્યો હતો અને ત્યારબાદ હોસ્પિટલ તંત્રની બેદરકારી માટે તેને નોટિસ પણ ફટકારવામાં આવી છે અને વધુ ૩ આરોપીની અટકાયત કરવામાં આવી છે.

# અમદાવાદ અને ભાવનગર જિલ્લામાં માર્ગ અકસ્માતમાં બેના કરૂણ મોત

અમદાવાદ,તા.૨૩

અમદાવાદ જિલ્લાના ધંધુકા રાણપુર રોડ પર અકસ્માત સર્જાતા ૧ મહિલાનું મોત થયું છે અને અન્ય ૨ લોકો ઘાયલ થયા છે. નાગનેશ ગામ પાસે ખાનગી બસ અને કાર વચ્ચે અકસ્માત સર્જાતા દુર્ઘટના સર્જાઈ છે. અકસ્માત થતાં લોકો ઘટનાસ્થળે દોડી ગયા હતા. કારમાં સવાર ૫ લોકો નાગનેશ ગામના હોવાનું સામે આવ્યું છે. પોલીસ સૂત્રો મુજબ દીકરાના લગ્ન હતા ત્યારે માતાનું ઘટના સ્થળે મોત થતાં પરિવારમાં માતમ છવાયો છે. ઈજાગ્રસ્તોને ધંધુકા આરએમએસ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આ ઉપરાંત ભાવનગર જિલ્લામાં સોમનાથ નેશનલ હાઈવે પર અકસ્માત સર્જાયો છે. રાજપરા ગામ પાસે કારનો અકસ્માત સર્જાયો હતો જેમાં અકસ્માતમાં એક વ્યકિતનું મોત, અન્ય ૩ ઈજાગ્રસ્ત થયા છે.

## યુવકને ઢોર માર મારી લૂંટ ચલાવાઈ હોવાની ફરિયાદ

# ગીર સોમનાથ જિલ્લામાં કિર્તી પટેલના ઈશારે યુવક પર હુમલો

વેરાવળ,તા.૨૩

ગીર સોમનાથ જિલ્લાના ગુંદાળા ગામના યુટ્યુબર દિનેશ સોલંકી ઉર્ફે રોયલ રાજાને મોડી રાત્રે ઘંટીયા ગામના ફાટક નજીક ઢોર માર માર્યો હોવાની ઘટના સામે આવી છે. જેમાં કીર્તિ પટેલની સંડોવણી સામે આવી છે. યુટ્યુબરે દાવો કરતાં કહ્યું કે, 'મારૂં અપહરણ કરી માર મારતી વખતે આ અજાણ્યા શખ્સોએ કીર્તિ પટેલને વીડિયો કોલ કર્યો હતો. આ વીડિયો કોલમાં કીર્તિએ કહ્યું કે, રોયલ રાજાની મૂછ અને વાળ સારા નથી લાગતા, કાપી નાંખો. કીર્તિના આદેશ બાદ હુમલાખોરોએ મારી મૂંછ અને વાળ કાપી નાંખ્યા અને મને ઢોર માર મારવામાં આવ્યો હતો. જોકે, હાલ યુટ્યુબર હોસ્પિટલમાં સારવાર હેઠળ



છે. યુટ્યુબર દિનેશ સોલંકી ઉર્ફે રોયલ રાજાના આરોપ અનુસાર, 'ત્રણ કારમાં આવેલાં ૧૦ થી વધુ શખ્સોએ મારૂં અપહરણ કર્યું હતું, જેમાં બે યુવતીઓ પણ હતી. ત્યારબાદ તેઓ કારને એક ગોળના રાબડામાં લઈ ગયાં. જ્યાં મારા કપડાં ઉતારી નગ્ન કરી ઊંધો સુવડાવી ઢોર માર મારવામાં આવ્યો હતો. આ દરમિયાન હુમલાખોરોએ કીર્તિ પટેલને વીડિયો કૉલ કર્યો હતો. જેમાં કીર્તિ પટેલ એવું કહેતી હતી કે, રોયલ રાજાની મૂંછ અને વાળા સારા નથી લાગતાં, તેને કાપી નાંખો. બાદમાં હુમલાખોરોએ મારા વાળ અને મૂંછો કાપી ઢોર માર માર્યો હતો. આ સિવાય મારી પાસે માફી મંગાવતો વીડિયો પણ બનાવડાવ્યો અને તેને સોશિયલ મીડિયા પર વાઈરલ કરવાની પણ વાત કહી હતી. આ સિવાય મારી પાસેથી ૨૮ હજાર રૂપિયા પણ લૂંટી લેવામાં આવ્યા હતાં.

# ગાંધીનગરમાં પુરપાટ ઝડપે આવતા ટ્રકે ૪૮ વર્ષીય શખ્સને અડફેટે લેતા મોત

ગાંધીનગર, તા.૨૩



ગાંધીનગરના ભાટ ટોલ પ્લાઝા નજીક આવેલ સુભાષબ્રિજ તરફથી પૂરઝડપે આવી રહેલા ટ્રેલર ટ્રકે બાઈકને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં બાઈક ચાલકનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. મૃતક નિખિલ બ્રહ્મભટ્ટ (ઉંમર ૪૮) અડાલજના રોયલ રેસીડેન્સીમાં રહેતો હતો. તે નરોડા ખાતે દવાની ફેક્ટરીમાં નોકરી કરતો હતો. અકસ્માત સમયે તે નરોડાથી ભાટ ટોલ પ્લાઝા તરફ જઈ રહ્યો હતો.

આ દરમિયાન ટાટા ટ્રેલરના ચાલકે બેદરકારીથી વાહન ચલાવતા બાઈકને ટક્કર મારી હતી. અકસ્માતની જાણ નિખિલની માતા રમીલાબેનને થતાં તેઓ તેમના નાના પુત્ર સંજય સાથે ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ત્યાં તેમને જાણવા મળ્યું કે નિખિલની લાશને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી છે. રમીલાબેનની ફરિયાદના આધારે ઈન્ફોસિટી પોલીસે ટ્રેલર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# વાહકજન્ય રોગોની જાણકારી માટે સુરતમાં ઘરે-ઘરે QR કોડ લાગશે


સુરત,તા.૨૩

**મનપા ૧૯ લાખ ઘરો પર QR કોડ લગાવશે**

QR કોડ બેઝ સર્વેલન્સ માટે દેશમાં સૌ પ્રથમ સુરત મહાનગરપાલિકાએ પ્રયાસ હાથ ધર્યા છે. જેની આ બજેટમાં જાહેરાત પણ કરવામાં આવી છે. QR કોડ બેઝ સર્વેલન્સ માટે સુરત મનપાએ ૧૯ લાખ ઘરો પર QR કોડ લગાવવાનો નિર્ણય કર્યો છે. સુરત મનપાના આરોગ્ય વિભાગ દ્વારા હાલ વાહકજન્ય રોગોની જે માહિતી તૈયાર કરવામાં આવે છે તે મેન્યુઅલી થાય છે. જેથી તેનું રિયલ ટાઈમ મોનિટરિંગ શક્ય નથી. પરંતુ, હવે QR કોડ બેઝ સર્વેલન્સ થવાથી મેલેરિયા, ડેન્ગ્યુ જેવા રોગોના સર્વેલન્સની માહિતી રિયલટાઈમ મળી રહેશે અને તાત્કાલિક પગલાં પણ લઈ શકાશે. સુરત મનપાએ ભવિષ્યમાં અન્ય રોગોને પણ આમાં સાંકળી લેવાનો નિર્ણય કરાશે.

# અમદાવાદમાં ભેખડ ધસી પડતા બે મજૂર દબાયા, એકનું મોત

અમદાવાદ,તા.૨૩



અમદાવાદના નિકોલ વિસ્તારમાં મનમોહન પાર્ક નજીક ડી માર્ટ મોલની નિર્માણાધીન સાઈટ પર ભેખડ ધસી પડવાની ઘટના બની છે. ભેખડ ધસી પડતાં બે મજૂરો દટાયા હતા જેમાંથી એકનું મોત નિપજ્યું છે જ્યારે એકને ગંભીર હાલતમાં સારવાર માટે ખસેડાયો છે. ઘટના અંગેની જાણ ફાયરબ્રિગેડની ટીમને થતાં ત્રણથી વધુ ગાડીઓ રેસ્ક્યૂ ટીમ સાથે ઘટના સ્થળે પહોંચી હતી. ભેખડમાં દટાયેલા બંને મજૂરોને ફાયર બ્રિગેડની ટીમ દ્વારા બહાર કાઢી સારવાર માટે ખસેડાયા હતા જેમાં એકનું મોત નિપજ્યું છે જ્યારે બીજાની સારવાર ચાલી રહી છે. આ અંગે એવન્યૂ સુપરમાર્ટ(ડીમાર્ટ)એ જણાવ્યું કે, અમારા કોન્ટ્રાક્ટરના બે કર્મચારી સાઈટ પર કામ કરી રહ્યા હતા ત્યારે આ દુર્ઘટના બની હતી. અમે અમારા કોન્ટ્રાક્ટર્સ અને ફાયર બ્રિગેડ સાથે મળીને બન્ને કર્મચારીને શક્ય એટલો તાત્કાલિક મેડિકલ સપોર્ટ અને હોસ્પિટલાઈઝેશન પૂરા પાડ્યા હતા.

# જૂનાગઢ ભવનાથ મંદિરે વિધિવત રીતે ધ્વજારોહણ સાથે મહાશિવરાત્રી મેળાનો પ્રારંભ




જૂનાગઢ,તા.૨૩

ભવનાથ મહાદેવ મંદિરે વિધિવત રીતે ધ્વજારોહણ સાથે મહાશિવરાત્રી મેળોનો શુભારંભ કરવામાં આવ્યો હતો. ધ્વજારોહણ સમયે ભવનાથ મંદિરમાં હર હર મહાદેવ હર નો નાદ ગુંજ્યો હતો. સંતો, મહંતો, અધિકારીઓએ પૂજા કર્યા બાદ ધ્વજા ચડાવાઈ હતી. જોકે, આ પ્રસંગે ધારાસભ્ય અને સાંસદની ગેરહાજરી રહી હતી. ભવનાથ મંદિર ખાતે ધ્વજારોહણ




સમયે ભવનાથ મંદિર મહંત હરિગિરી બાપુ, મુક્તાનંદ બાપુ, મહંત ઈન્દ્રભારતી બાપુ, મહંત મહાદેવગિરી, મહેન્દ્રાનંદ બાપુ, હરિહરાનંદ બાપુ સહિત સંતો મહંતોની ઉપસ્થિતી રહી હતી. સાથે જિલ્લા પંચાયત પ્રમુખ હરેશભાઈ ઠુમર, જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવાસિયા, મ્યુનિસિપલ કમિશ્નર ડો. ઓમપ્રકાશ, ઈન્ચાર્જ

**સંતો-મહંતોની ઉપસ્થિતિ, પદાધિકારીઓની ગેરહાજરી**

એસપી ભગીરથસિંહ જાડેજા, ડીવાયએસપી હીતેષ ધાંધલ્યા સહિતના અધિકારીઓની પણ ઉપસ્થિતી રહી હતી. મેળા પહેલાની મિટિંગમાં ગેરહાજર રહેલા સાંસદ રાજેશ ચુડાસમા અને ધારાસભ્ય સંજય કોરડિયા ધ્વજારોહણ પ્રસંગે પણ ગેરહાજર રહ્યા હતા.

# રાજકોટના કન્વેનશન સેન્ટર માટે રૂા.૫૦ કરોડની ફાળવણી

રાજકોટ તા.૨૩



ગુજરાત સરકારના નવા નાણાંકીય વર્ષનાં બજેટમાં નવા એકસપ્રેસ-વે, ઈકોનોમી હબ સહિતની કેટલીક યોજનાઓ જાહેર કરવામાં આવી હતી. તેમાં રાજકોટનાં કન્વેનશન સેન્ટર પ્રોજેકટનો પણ સમાવેશ કરાયો છે. આ માટે ૫૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. બજેટ બાદ વેપાર ઉદ્યોગકારો સાથેની બેઠક બાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્રોજેકટ માટે વધુ નાણાકીય જરૂર પડે તો તે આપવાની પણ તૈયારી બતાવી હતી. વિધાનસભામાં નાણાપ્રધાન કનુભાઈ દેસાઈએ ૨૦૨૫-૨૬ ના નાણાં વર્ષનું બજેટ રજૂ કર્યું હતું. ત્યારબાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજયના ટોચના વેપાર ઉદ્યોગ સંગઠનોનાં પ્રતિનિધિઓ સાથે બેઠક કરીને અંદાજપત્રનું વિશ્લેષણ કર્યું હતું. રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ વી.પી.વૈષ્ણવ, કુમનલાલ વરસાણી હાજર હતા. આ સિવાય ગુજરાત ચેમ્બર, ભાવનગર, અમદાવાદ, જામનગર જેવા સેન્ટરોનાં વેપાર ઉદ્યોગ પ્રતિનિધિઓ પણ હાજર હતા.

# ટેટ-ટાટ ઉમેદવારો આજથી ગાંધીનગરમાં સરકાર સામે આંદોલન છેડશે

ગાંધીનગર,તા.૨૩




TAT અને TETના ઉમેદવારોએ ફરી એકવાર આંદોલનનું રણશિંગુ ફૂંક્યું છે. આજે એટલે કે ૨૪ ફેબ્રુઆરીને સોમવારે રાજ્યભરમાંથી TET-TAT પાસ ઉમેદવારો ઉમટશે. મહત્વના ૫ પડતર પ્રશ્નોની માંગ સાથે આંદોલન પર ઉતરશે. આંદોલનને મજબૂત બનાવવા માટે ટેટ-ટાટ પાસ ઉમેદવારો સોશિયલ મીડિયાના માધ્યમથી વીડિયો પોસ્ટ કરી હાજર રહેવા માટે અપીલ કરી રહ્યા છે. છેલ્લા બે વર્ષથી ગોકળગતિએ ચાલી રહેલી ભરતી પ્રક્રિયાને ઝડપથી પુરી કરવા રજૂઆત કરવામાં આવશે. ધીમી ગતિએ ચાલી રહેલી ભરતી પ્રક્રિયાને લીધે ઉમેદવારોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ વખતે ટેટ-ટાટ પાસ ઉમેદવારો ઉગ્ર આંદોલનના મૂડમાં છે અને સરકાર સામે લડી લેવા માટે પુરજોશમાં તૈયારીઓ કરી લીધી છે. આજે ૧૨ વાગે ગાંધીનગર ખાતે રેલી કાઢી આંદોલનનું રણશિંગુ ફૂંકશે.